सत्यमेव जयते
GOVERNMENT OF GUJARAT

GCERT Gandhinagar

NAYARA ENERGY

DIET
Dist. Insti. of Edu. & Training Surendranagar

શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

6th

DISTRICT LEVEL EDUCATIONAL
# INNOVATION Festival 2020-21

# પલાશત્વ

## શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ

### જિલ્લાકક્ષાનો છઠ્ઠો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ

૭–૮ જાન્યુઆરી, ૨૦૨૧


પ્રેરણા
**ડૉ. ટી. એસ. જોશી**
માન. નિયામકશ્રી
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

માર્ગદર્શન–પરામર્શન
**ડૉ. સી. ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.

લેખન–સંપાદન
**ડૉ. કોમલબહેન આર. પંડ્યા**
**ડૉ. રાજેનકુમાર ડી. પિત્તલિયા**
લેક્ચરર અને ડિસ્ટ્રીક્ટ ઈનોવેશન સેલ કો. ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.


NAVTAR
CENTRE FOR INNOVATIONS IN EDUCATION
A GCERT INITIATIVE


ITOWE
Development Foundation




# નવાચારની વિકાસાત્મક તસવીર










सत्यमेव जयते
GOVERNMENT OF GUJARAT

GCERT Gandhinagar

NAYARA ENERGY

DIET Dist. Insti. of Edu. & Training Surendranagar

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ – ગાંધીનગર અને નાયરા એનર્જી લિ. પ્રેરિત**

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર**
**આયોજિત**

6th DISTRICT LEVEL EDUCATIONAL INNOVATION Festival 2020-21

# પલાશત્વ

## શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ

**જિલ્લા કક્ષાનો છઠ્ઠો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ**
**૭–૮ જાન્યુઆરી, ૨૦૨૧**

**: પ્રેરણા :**

**ડૉ. સી. ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર.

**ડૉ. ટી. એસ. જોષી**
નિયામક
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર

**: લેખન–સંપાદન :**

**ડૉ. કોમલબહેન આર. પંડ્યા**
**ડૉ. રાજેનકુમાર ડી. પિત્તલિયા**
લેક્ચરર અને ડિસ્ટ્રીક્ટ ઇનોવેશન સેલ કો. ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.

ItoWE Development Foundation



# પલાશત્વ...

**ગુરુજનો, સહૃદય વંદન...**

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) સુરેન્દ્રનગર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાનો Online છઠ્ઠો Innovation Festival યોજી રહ્યા છીએ.

ઉનાળાના ધોમધખતાં તાપમાં સીમ-પાધરમાં કેસૂડો (પલાશ)ને ખીલતો જોયો છે. જ્યારે ઝાંઝવાના જળ દૂરસુદૂર દેખાતાં હોય ત્યારે પલાશ ખીલતું જોવાં મળે છે, જે તેનું પલાશત્વ છે.

કોરોનાની વૈશ્વિક મહામારીમાં સમગ્ર વિશ્વ થંભી ગયું છે. શાળા-મહાશાળા-યુનિવર્સિટીઓ રણની જેમ સુમસામ ભાસે છે. વેક્સિનની શોધમાં મેડિકલ સાયન્સ લાગેલું છે. આ પરિસ્થિતિમાં વિદ્યાર્થી-શિક્ષકો વચ્ચે Communication માટેનો માત્ર એક જ વિકલ્પ છે જે છે Online Education.

Online Education અંતર્ગત ગુરુજનોએ અનેકાનેક પ્રયોગો કરી વિદ્યાર્થીઓ સાથે જોડાયેલાં રહ્યા છે. જે શિક્ષકોએ આ મહાયજ્ઞમાં સમિધ હોમ્યા છે તે યજ્ઞાચાર્ય છે. કોઇ શિક્ષકોએ ફળિયાને શાળાઓમાં પરિવર્તિત કરી, ગ્રામજનોએ આર્થિક સહયોગ આપ્યો છે. શિક્ષકોએ શિક્ષણમાં નવાચાર કરી શિક્ષણની પ્રક્રિયાને જીવંત રાખી છે, બનાવી છે. શિક્ષક ઘર-ઘર, ખેતર કે સીમ-પાધર જઇને વાલીઓ અને બાળકોના સંપર્ક કરી વૈશ્વિક મહામારીમાં શિક્ષણ પ્રક્રિયાને પ્રગતિશીલ બનાવી છે. સમગ્ર શિક્ષણ જગત આ વિકટ પરિસ્થિતિમાં શ્રેષ્ઠત્તમ પ્રયત્નો દ્વારા મંથન મહેનત કરી રહ્યું છે.

છઠ્ઠા Innovation Festivalમાં લિએઝન (લેક્ચરર), તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર.સી.સી. તથા શિક્ષક મિત્રોનો સહયોગ સાંપડ્યો છે. જિલ્લા કક્ષાના તજજ્ઞ તરીકે ડૉ. દીપકભાઇ મહેતાએ ઉમદા માર્ગદર્શન પૂરૂ પાડ્યું છે. ડાયેટના સિનિયર લેક્ચરર શ્રી વિમલભાઇ દંગીના સહકારથી આ ઇનોવેશનના તમામ વિડીયો આપણે ડાયેટ, સુરેન્દ્રનગરની **YouTube Channel DIET Surendranagar** ઉપર મૂકી રહ્યા છીએ, જે પણ એક નવાચાર છે.

તાલુકા-જિલ્લા કક્ષાના છઠ્ઠા Innovation Festivalનું સુંદર સંકલનકાર્ય સુશ્રી ડૉ. કોમલબહેન પંડ્યા દ્વારા બેખૂબ રીતે કરવામાં આવ્યું. તેમના પ્રત્યે રાજીપો વ્યક્ત કરી અભિનંદન પાઠવું છું.

'પલાશત્વ' (શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ) આપ સૌને માટે 'દીવાંદાંડી' બને તેવી શ્રદ્ધા વ્યક્ત કરૂ છું.

''કોઇના મારગ ઉપર શું ચાલવું, ખુદનો મારગ ખુદ બનાવું;<br>
ભલે ફેલાવો ચોમેર અંધકાર, ખુદનો સૂરજ ખુદ બનાવું.''

ભવદીય

**- ડૉ. સી. ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર.



# શિક્ષણમાં રાજમાર્ગ...

જીલ્લા ઇનોવેશન સેલ અંતર્ગત જીલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જે કંઇ નવતર પ્રયોગો કરતાં રહેલા છે. શાળા-શિક્ષણ-વિદ્યાર્થીઓની ગુણવત્તા સુધારણા માટેનો તેમનો સાત્વિક પ્રયાસ છે. તે શિક્ષકોના શિક્ષકત્વને વંદન કરવા - બિરદાવવા માટે અને આ નવતર પ્રયોગના પ્રચાર-પ્રસારની કામગીરી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા કરવામાં આવી રહી છે તે અભિનંદનીય છે.

પોતાના વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખી શીખવા-શીખવવા માટેની સરળ રીત, સહાયક સામગ્રીનું નિર્માણ, વિવિધ વિષયોની શૈક્ષણિક સિદ્ધિ, પ્રવૃત્તિ, પ્રજ્ઞા પ્રોજેક્ટ, કન્યા કેળવણી, બાળકોના નામાંકન સ્થાયીકરણ માટેનો પ્રયાસ બાળક કે શાળાના વિકાસમાં ગ્રામજનોની સહભાગીદારીથી શિક્ષકોએ કોરોનાની વૈશ્વિક મહામારીના સમયમાં પણ પ્રશંસનીય કામગીરી કરેલ છે.

આપનું આ ઇનોવેશન સમગ્ર શિક્ષણ જગત માટે રાજમાર્ગ બની રહે તેવો વિશ્વાસ વ્યક્ત કરૂ છું...

- સુશ્રી મિતાબહેન ગઢવી
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને
જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિ.
સુરેન્દ્રનગર.



# શિક્ષણમાં નવાચાર...

શિક્ષણ વિભાગ - ગુજરાત રાજ્ય, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ગાંધીનગર, નાયરા એનર્જી અને આઇટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) સુરેન્દ્રનગરમાં ઇનોવેશન સેલ કાર્યરત છે.

આ સેલ અંતર્ગત જીલ્લાની સરકારી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે શિક્ષકો અવિરત પ્રયત્નો કરી રહ્યા છે. તે શિક્ષકોના નવતર પ્રયોગોનો સમગ્ર જીલ્લામાં પ્રચાર અને પ્રસાર થાય તે હેતુથી ઇનોવેશન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં જિલ્લા કક્ષાના પ્રથમ ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલ કોરોનાની વૈશ્વિક મહામારીના સમયે ઓનલાઇન એજ્યુકેશન ચાલી રહ્યું છે ત્યારે તાલુકાના ઓનલાઇન એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલનું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા કરવામાં આવ્યું હતું. તાલુકાકક્ષાના ઇનોવેશન ફેસ્ટિવલ સફળતાપૂર્વક આયોજન બદલ તમામ ડાયેટ લાયઝનશ્રીઓ તેમજ તમામ બી.આર.સી. કો-ઓર્ડિનેટર્સનો આભાર વ્યક્ત કરૂં છું.

તાલુકા કક્ષાએ જુદા જુદા ૧૧૫ પ્રકારના ઇનોવેશન રજુ કરવામાં આવેલ હતા. તેમાંથી પ્રાથમિક કક્ષાના ૩૦ અને માધ્યમિક કક્ષાના ૫ મળીને કુલ ૩૫ ઇનોવેશનની જીલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટિવલ માટે પસંદગી થઇ હતી.

તાલુકા કક્ષાના તેમજ જીલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલમાં સતત માર્ગદર્શન પુરૂ પાડનાર જિલ્લાના ઇનોવેશન સેલના કે.આર.પી. ડૉ. દિપક મહેતાનો પણ સહૃદય આભાર માનું છું.

કોરોનાની મહામારીના સમયમાં ઓનલાઇન ક્વિઝ દ્વારા મૂલ્યાંકન, માઇક્રોસોફ્ટ ટીમ દ્વારા શિક્ષણ, ફળિયું શિક્ષણ, કાળા પાટિયા દ્વારા શિક્ષણ, બાળવાર્તા દ્વારા શિક્ષણ, વર્ગખંડની બોલતી દિવાલો ગણિત-વિજ્ઞાન અને અંગ્રેજી જેવા અઘરા વિષયોમાં અવનવી પ્રવૃત્તિઓ, સામાજિક વિજ્ઞાનમાં યુ-ટ્યુબ ચેનલ દ્વારા શિક્ષણ જેવા વિવિધ પ્રયોગો શિક્ષકો દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા. આવા કપરા સમયમાં પણ વિદ્યાર્થીઓ માટે સતત ચિંતિત રહેતા આ તમામ ઇનોવેટીવ ગુરૂજનોને વંદન.

**- ડૉ. કોમલબહેન આર. પંડ્યા**
લેક્ચરર અને જિલ્લા ઇનોવેશન સેલ કો-ઓર્ડિનેટર,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર.



# શિક્ષણમાં નવાચાર...

શિક્ષણ વિભાગ - ગુજરાત રાજ્ય, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)-ગાંધીનગર, નાયરા એનર્જી અને આઇ ટુ વી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) - સુરેન્દ્રનગરમાં "Innovation Cell" કાર્યરત છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં કાર્યરત "District Innovation Cell" દ્વારા શિક્ષણમાં નવતર પ્રયોગ કરનાર ઇનોવેટિવ શિક્ષકોને શોધી તેમના નવતર પ્રયોગોનો જિલ્લા એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલના આયોજન દ્વારા પ્રચાર-પ્રસાર કાર્ય થઇ રહ્યું છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો દ્વારા હાથ ધરવામાં આવેલાં આવા અનેક નવતર પ્રયોગો જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષા સુધી ઝળક્યા છે, જેનું અમે ગૌરવ અનુભવી રહ્યા છીએ. જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલમાં રજૂ થતાં શૈક્ષણિક પ્રયોગો થકી સુરેન્દ્રનગર જિલ્લાના અનેક શિક્ષકો, સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ, બી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ શાળા કક્ષાએ તેમજ વર્ગખંડ શિક્ષણ કાર્યમાં પ્રવર્તતી સમસ્યાઓનો કાયમી ધોરણે સચોટ ઉકેલ લાવવામાં સફળ રહ્યા છે. શિક્ષકો દ્વારા હાથ ધરાતા આવા શૈક્ષણિક નાવીન્યપૂર્ણ પ્રયોગો થકી શિક્ષણ ગુણવત્તાસભર બન્યું છે.

વર્ષ ૨૦૨૦-૨૧માં શિક્ષકોએ હાથ ધરેલ નાવીન્યપૂર્ણ શૈક્ષણિક પ્રયોગો સુરેન્દ્રનગર જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૦-૨૧માં રજૂ થયેલ છે. જેના દ્વારા શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તતી સમસ્યાઓનો સચોટ ઉકેલ પ્રાપ્ત થઇ શકશે અને શિક્ષણના હેતુઓ સિદ્ધ કરી શકાશે.

જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૦-૨૧, સુરેન્દ્રનગરમાં પ્રાથમિક વિભાગના ૩૦ અને માધ્યમિક વિભાગના ૫ એમ કુલ ૩૫ નાવીન્યપૂર્ણ શૈક્ષણિક પ્રયોગો રજૂ થનાર છે. આ નાવીન્યપૂર્ણ શૈક્ષણિક પ્રયોગો રજૂ કરનાર તમામ ઇનોવેટિવ શિક્ષકોને વંદન. આ નવતર પ્રયોગો શિક્ષણ ક્ષેત્રે નવો ઉજાશ ફેલાવે તેવી અપેક્ષાસહ...

**- ડૉ. રાજેનકુમાર ડી. પિત્તલિયા**
લેક્ચરર અને જિલ્લા ઇનોવેશન સેલ કો. ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર.

# સાંકળિયું



| ક્રમ | પ્રયોગશીલ શિક્ષકનું નામ | ઈનોવેશનનું શીર્ષક | પેજ નં. |
|---|---|---|---|
| ૧ | ડૉ. દીપકકુમાર રતિલાલ મહેતા | ઓનલાઇન ક્વિઝ મૂલ્યાંકન | ૦૧ |
| ૨ | શ્રી બરકતઅલી આર. હુદ્દા | ડિજીટલ પ્લેટફોર્મના માધ્યમથી બાળવાર્તાઓ થકી બાળકોમાં સુટેવોનું ઘડતર અને મૂલ્યલક્ષી શિક્ષણ | ૦૨ |
| ૩ | શ્રી કલ્પેશકુમાર કિરીટકુમાર આચાર્ય | શાળાના બાળકોના રહેણાંક વિસ્તારમાં જઇ બ્લેકબોર્ડ દ્વારા શિક્ષણકાર્ય | ૦૩ |
| ૪ | શ્રી મહેશકુમાર ભીખાભાઇ પટેલ | હરતાં - ફરતાં ભણીએ | ૦૪ |
| ૫ | શ્રી સુરેશભાઇ બી. ધોરિયા | માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા ઓનલાઇન શિક્ષણ | ૦૫ |
| ૬ | શ્રી હિતેષકુમાર કિશોરભાઇ પંડ્યા | ઘરના સાથે ઘરકામ | ૦૬ |
| ૭ | શ્રી નીતિનકુમાર ભરતકુમાર પંચાલ | કોવિડ-૧૯ દરમ્યાન બ્લેન્ડેડ લર્નિંગ દ્વારા અસરકારક શિક્ષણ | ૦૭ |
| ૮ | શ્રી દેવાભાઇ ગોવિંદભાઇ ભરવાડ | અક્ષર સુધારણા | ૦૮ |
| ૯ | શ્રી અતુલકુમાર વાલજીભાઇ ડામોર | ફળિયુ શાળા | ૦૯ |
| ૧૦ | શ્રી બળવંતભાઇ ગોરધનભાઇ કાલીયા | ઘેર બેઠા જ્ઞાન ગંગા | ૧૦ |
| ૧૧ | શ્રી હેતલબેન જયંતિભાઇ પરમાર | ક્રેઝી મેથ્સ - સાયન્સ વિથ કોવિડ-૧૯ | ૧૧ |
| ૧૨ | શ્રીમતિ અરૂણાબેન રતનસિંહ વાઘેલા | સ્વથી સર્વ સુધ | ૧૨ |
| ૧૩ | શ્રીમતિ ક્રિષ્ના ઈશ્વરભાઇ પરમાર | Wi-Fi ક્લાસ | ૧૩ |
| ૧૪ | શ્રી જયેશકુમાર નાથાલાલ પઢારીયા | EDUCATION WITH FRAEDUCATION | ૧૪ |
| ૧૫ | શ્રી હર્ષદકુમાર લક્ષ્મણભાઇ કાપડિયા | ઇ-જ્ઞાન ફેસીલીયેટર | ૧૫ |
| ૧૬ | શ્રી સુરેશભાઇ ઘનશ્યામભાઇ સુતરીયા | મારા દેશની માહિતી મારા નકશામાં | ૧૬ |
| ૧૭ | શ્રી દેવશીભાઇ કાનજીભાઇ રાતડીયા | ‘‘સલામતી સાથે શિક્ષણ અભિયાન’’ | ૧૭ |
| ૧૮ | શ્રી મહેશભાઇ ધનસુખભાઇ ગોઠી | લોકડાઉન સ્ટડી મટીરીયલ | ૧૮ |
| ૧૯ | શ્રી મહેશભાઇ ભગવાનભાઇ ભુસડીયા | શાળા સંચાલન ઇ-સ્કૂલ એપ દ્વારા શિક્ષકો માટે | ૧૯ |
| | | સ્કૂલ એસ.એમ.એસ. એપ અને શાળાના બાળકો માટે | |
| | | શ્રી જેપર પ્રા. શાળા નામની એપ દ્વારા શિક્ષણ | |
| ૨૦ | શ્રી કનુજી કેશાજી ઠાકોર (કનકસિંહ) | સ્પેલિંગ કાર્ડથી શબ્દ ભંડોળ વિકસાવવું | ૨૦ |
| ૨૧ | શ્રીમતિ જાગૃતિબેન લક્ષ્મણભાઇ પટેલ | બોલતી દિવાલો દ્વારા રસપ્રદ શિક્ષણ | ૨૧ |
| ૨૨ | શ્રીમતિ દીપ્તીબહેન મહેન્દ્રભાઇ ગોહેલ | કોરાનાને માત, શિક્ષણને સાથ | ૨૨ |
| ૨૩ | શ્રી હિતેન્દ્રકુમાર રેવાભાઇ વર્મા | ટેક્નોલોજીના સથરે | ૨૩ |
| ૨૪ | શ્રી અરવિંદભાઇ સી. પાવાગઢી | મનુષ્યમાં પાચન | ૨૪ |
| ૨૫ | શ્રી રિતેશભાઇ કિરીટભાઇ વાઘેલા | ગણિત અધ્યયન નિષ્પત્તિ મહાવરાપોથી | ૨૫ |

# સાંકળિયું


| ક્રમ | પ્રયોગશીલ શિક્ષકનું નામ | ઈનોવેશનનું શીર્ષક | પેજ નં. |
|---|---|---|---|
| ૨૬ | શ્રી નાનજીભાઈ ચતુરભાઈ ભુસડિયા | શાળા બંધ છે પણ શિક્ષણ નહીં | ૨૬ |
| ૨૭ | શ્રી નવજ્યોત એલ. શેખ | My Innovation | ૨૭ |
| ૨૮ | શ્રી પંકજભાઈ એન. પટેલ | બાળકનું ભાવિ, પાયાનું શિક્ષણ | ૨૮ |
| ૨૯ | હેતલબેન નરેન્દ્રભાઈ પટેલ | ચિત્રવાર્તા (પિક્ચર સ્ટોરી) દ્વારા વિદ્યાર્થીઓમાં મૂલ્ય શિક્ષણ અને તેમનાં વ્યવહારિક જ્ઞાનમાં વૃદ્ધિ કરવી. | ૨૯ |
| ૩૦ | મોનિકાબેન રમેશકુમાર વર્મા | ગણિત શીખીએ યુ-ટ્યુબ સાથે | ૩૦ |
| ૩૧ | શ્રી ભીખાલાલ મોહનલાલ પરમાર | કોરોના કાળમાં ધોરણ-૧, ૨ પ્રજ્ઞાનું અદ્યતન શાળા શિક્ષણ | ૩૧ |
| ૩૨ | શ્રી મુકુંદભાઈ રસિકાલાલ ચૌહાણ | JUST 15 MINUTES | ૩૨ |
| ૩૩ | સ્વાતિ ભાવિકભાઈ જોષી | Digital India Technosevi Students | ૩૩ |
| ૩૪ | શ્રી વિરમભાઈ નાનુભાઈ ડાંગર | સંવેદના દ્વારા શિક્ષણ | ૩૪ |
| ૩૫ | શ્રી મહેશકુમાર મીઠાલાલ વાઘેલા | યુ-ટ્યુબ ચેનલ દ્વારા વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કલા-કૌશલ્યનો વિકાસ કરવો | ૩૫ |

• ઇનોવેશનનું નામ : **ઓનલાઇન ક્વિઝ મૂલ્યાંકન**

• શિક્ષકનું નામ : **ડૉ. દીપકકુમાર રતિલાલ મહેતા**

Mobile : 98987 31936

Email : dipakmehta1978gmail.com

• શાળાનું નામ : **શ્રી જેપર પ્રાથમિક શાળા, તા. ચુડા, જિ. સુરેન્દ્રનગર**




## હેતુઓ :

(૧) મોટા ભાગની ધોરણ ૧ થી ૮ની અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિઓ જાણી શકાય. (૨) ધોરણ ૧ થી ૮ ના બાળકો ટેક્નોલોજીના માધ્યમનો ઉપયોગ કરતા થાય. (૩) ધોરણ ૧ થી ૮ ના તમામ વિષયોના તમામ એકમોની તૈયારી કરવામાં ઉપયોગી બને. (૪) વર્ગખંડમાં શિક્ષકને કોઇ પણ વિષયના કોઇ પણ એકમની પ્રશ્નોત્તરી કરવા ઉપયોગી બને. (૫) એક સાથે તમામ બાળકની ઓનલાઇન ક્વિઝ લઇ મૂલ્યાંકન કરવામાં શિક્ષકને ઉપયોગી બને. (૬) બાળક પોતાની જાતે સ્વયં મૂલ્યાંકન કરી શકે. (૭) ઓનલાઇન ક્વિઝથી બાળક પોતાની સિદ્ધિઓ અને કચાસ જાણીને વધુ સજ્જતા તરફ આગળ વધી શકે છે. (૮) એન.એમ.એમ.એસ. પરિક્ષામાં ઉપયોગી બને. (૯) જવાહર નવોદય પરિક્ષામાં ઉપયોગી બની શકે. (૧૦) માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં બાળકોને ખુબ ઉપયોગી બનશે.

## કાર્ય પદ્ધતિ :

- આ ક્વિઝ બે પ્રકારે બનાવેલ છે. (૧) ગુગલ ડોકમાં અને (૨) માઇક્રોસોફ્ટ ફોર્મમાં. ધોરણ ૧ અને ૨ ના પ્રજ્ઞા અભિગમ મુજબ તથા ધોરણ ૩ થી ૮ના તમામ વિષયોની એકમ પ્રમાણે અને મોટા ભાગે અધ્યયન નિષ્પત્તિઓ ધ્યાને લઇ ક્વિઝ તૈયારી કરેલ છે. દરેક ધોરણને ધ્યાને રાખી પ્રશ્નો રાખેલ છે. જેમ કે ધોરણ ૧ થી ૨ પ્રજ્ઞા અભિગમમાં ૧૦ થી ૧૫ પ્રશ્નો રાખેલ છે. ધોરણ ૩ થી ૫માં ૧૦ થી ૨૦ પ્રશ્નો રાખેલ છે. ધોરણ ૬ થી ૮ માં ૧૦ થી ૫૦ પ્રશ્નો રાખેલ છે. એક જ લિંક ઓપન કરતા તમામ ધોરણના તમામ વિષયોની ઓનલાઇન ક્વિઝ ધોરણ અને વિષય મુજબ રાખેલ છે. દરેક એકમ માટે લિંક બનાવેલ છે. દરેક એકમ માટે ક્યુ.આર. કોડ પણ બનાવેલ છે. સાથે એકમના નામને ટચ કરતા ક્વિઝ શરૂ થાય તેવા સરળ પ્રયાસો કરેલ છે.

## મૂલ્યાંકન :

- ધોરણ ૧ થી ૮ના તમામ વિષયો અને તેના તમામ એકમોની જે ઓનલાઇન ક્વિઝ આપેલ હોય તેની તમામ માહિતી ઓટોમેટીક મારા ફોલ્ડરમાં સેવ રહે છે. જે ગમે ત્યારે જાણી શકીએ છીએ. દરેક વ્યક્તિગત બાળકની આપેલ ક્વિઝની માહિતી સેવ થતી જાય છે. શિક્ષક આ ઓનલાઇન ક્વિઝ દ્વારા દરેક વિષયના દરેક એકમની બાળકની સિદ્ધિ અને કચાસ જાણી શકે છે.
- બાળક અનેકવાર કસોટી આપી શકે છે. આ ઓનલાઇન ક્વિઝનું મૌખિક પ્રશ્નોત્તરી કરીને પણ મૂલ્યાંકન કરી શકાય છે.
- આ ક્વિઝ ડાઉનલોડ કરી લેખિત કસોટી લઇને પણ બાળકોનું મૂલ્યાંકન કરી શકાય છે.
- દરેક ધોરણના દરેક વિષયના દરેક એકમની બાળક પોતાના ઘરે પોતાના સમયની અનુકૂળતા મુજબ કસોટી આપી શકે છે.
- દરેક કસોટીમાં બાળક પોતાના સાચા કે ખોટા જવાબો જોઇ અને જાણી સમજી શકે છે.
- બાળક અનેકવાર કસોટી આપી શકે છે. કસોટી આપવી એકદમ સરળ છે.
- એન.એમ.એમ.એસ. જેવી પરીક્ષા કે એકમ કસોટીમાં બાળકોને ખૂબ ઉપયોગી બને છે. એકદમ સરળ ક્વિઝ હોવાથી કોઇપણ સમયે ગમે તેટલી વાર બાળક કોઇ પણ મુશ્કેલી વગર ક્વિઝ આપી પોતાનું સ્વમૂલ્યાંકન કરી શકે છે.

## પરિણામ :

- સતત પાંચ વર્ષથી મૌખિક ક્વિઝ લેવામાં આવતી પણ અત્યારની પરિસ્થિતિને ધ્યાને રાખી ઓનલાઇન ક્વિઝ તૈયાર કરેલ છે. ૧૫ ઓગષ્ટ થી ૨૮ ઓક્ટોબર સુધી પ્રથમ સત્રના ધોરણ ૧ થી ૮ના તમામ ધોરણના તમામ વિષયોના તમામ એકમોની ૨૯,૦૦૦ કરતા વધારે બાળકોએ ઓનલાઇન ક્વિઝ આપેલ છે જેમાં કુલ સંખ્યા પૈકી ૭૦% બાળકો જેમાં એવરેજ ૬૦% થી ૭૦% જેટલું બાળકોનું સારું પરિણામ જોવા મળેલ છે. આ ઉપરાંત પણ બાકીના ૩૦% બાળકોએ ૮૦% થી ૧૦૦% પરિણામ મેળવેલ છે.
- ગયા વર્ષે મારી શાળાનું એક બાળક એન.એમ.એમ.એસ. પરીક્ષામાં ક્વોલિફાઇલ થયેલ છે. અને માધ્યમિક શિષ્યવૃત્તિમાં નવ બાળકો પાસ થયેલ છે.

• ઈનોવેશનનું નામ : **ડિજીટલ પ્લેટફોર્મના માધ્યમથી બાળવાર્તાઓ થકી બાળકોમાં સુટેવોનું ઘડતર અને મૂલ્યલક્ષી શિક્ષણ**

• શિક્ષકનું નામ : **બરકતઅલી આર. હુદ્દા**
Mobile : 99793 83012
Email : barkathudda35@gmail.com

• શાળાનું નામ : **શ્રી કુલગ્રામ પ્રા. શાળા, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર**



## હેતુઓ :

- બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે.
- બાળકોમાં સુટેવોનું ઘડતર થાય.
- બાળવાર્તાના બોધપાઠ થકી સ્વયંશિસ્ત કેળવે.
- બાળકોમાં વ્યક્તિત્વ વિકાસના મૂલ્યોનું સિંચન થાય.

## કાર્ય પદ્ધતિ :

- બાળવાર્તાની પસંદગી તેમજ તેનો વિડીયો બનાવવો.
- બાળવાર્તાના વિડીયોનું રેકોર્ડિંગ અને ચકાસણી.
- આગાખાન ટ્રસ્ટ, સાયલા દ્વારા ચકાસણી.
- એજ્યુકેશન ઈનોવેશન બેંક, અમદાવાદ દ્વારા ચકાસણી તથા વિષયવસ્તુ આધારિત ચિત્રોનું એડીટીંગ.
- બાળવાર્તાના વિડિયોની લીંક સાથે બાળકોને ગમે તેવું સરળ ભાષામાં આકર્ષક ચિત્રો સાથે લખાણ.
- એજ્યુકેશન ઈનોવેશન બેંક દ્વારા ફેસબુક પર પબ્લિશ કરવું.
- શાળાના ધો.૧ થી ૮ ના બાળકોનાં વોટ્સએપ ગ્રુપમાં લખાણ સાથેની લિંક શેર કરવી.

## મૂલ્યાંકન :

- બાળકો સાથે ફોન દ્વારા સંપર્ક
- બાળકોના પ્રતિભાવો, લાઇક્સ, કોમેન્ટ્સ, ઓડિયો મેસેજ
- વાલીઓના પ્રતિભાવો
- વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા બાળકો સાથે સંવાદ
- વાલીઓ પાસેથી બાળકોની દૈનિક ક્રિયાઓ જાણવી.
- બાળકોના રોજીંદા જીવનનું અવલોકન

## પરિણામ :

- બાળકો સાથેના સંવાદ, વાણી, વર્તનમાં પરિવર્તન.
- બાળકોના પ્રતિભાવો, વાલીઓના પ્રતિભાવો.
- શ્રી કુલગ્રામ પ્રાથમિક શાળાના લગભગ ૬૦% બાળકોમાં સુટેવોનું ઘડતર
- શ્રી કુલગ્રામ પ્રાથમિક શાળાના બાળકોમાં સ્વયંશિસ્તના પાઠ અવલોકન દ્વારા જોવા મળ્યા.
- ઘણા બાળકોએ ઓડિયો મેસેજ દ્વારા પ્રતિભાવ આપેલા છે.
- પ્રાઇવેટ શાળાના બાળકોએ પણ પ્રતિભાવ આપ્યા છે.
- ઘણા બાળકોએ લાઇક કરી છે, કોમેન્ટ્સ કરી છે.
- ઘણા બાળકોએ પ્રતિભાવ લખીને મોકલ્યા છે.
- ઘણા બાળકોએ ફોન કરીને પ્રતિભાવ આપ્યા છે.

**ફેસબુક પર પબ્લિશ થયેલ બાળવાર્તાના વિડીયોનો સ્કોર ચાર્ટ.**

| ક્રમ | બાળવાર્તાનું નામ | લાઇક | કોમેન્ટ્સ | વ્યુઝ |
|---|---|---|---|---|
| ૧ | જંગલમાં કોરોના ? | ૨૫૬ | ૧૨૩ | ૯૩૦૦ |
| ૨ | ઉપકારનો બદલો | ૬૨ | ૨૦ | ૩૭૦૦ |
| ૩ | અભિમાની મોર | ૬૨ | ૨૧ | ૧૬૦૦ |
| ૪ | બુદ્ધિશાળી કાગડભાઇ | ૪૮ | ૧૩ | ૧૧૦૦ |

• ઈનોવેશનનું નામ : **શાળાના બાળકોના રહેણાંક વિસ્તારમાં જઈ બ્લેકબોર્ડ દ્વારા શિક્ષણકાર્ય**

• શિક્ષકનું નામ : **શ્રી કલ્પેશકુમાર કિરીટકુમાર આચાર્ય**

Mobile : 93766 58145

Email : acharyakalpeshk@gmail.com

• શાળાનું નામ : **શ્રી કાંગસિયા વસાહત પ્રાથમિક શાળા, વઢવાણ**



## હેતુઓ :

- વિદ્યાર્થીઓ શિક્ષણથી વિમુખ થતા અટકે.
- વિદ્યાર્થીઓના શિક્ષણકાર્યમાં સુધારો થાય.
- વિદ્યાર્થીઓના રસ-રૂચિ શિક્ષણમાં જળવાઇ રહે.
- શાળા, શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે ભાવાત્મક સંબંધ વિકસે.

## કાર્ય પદ્ધતિ :

કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના સમયમાં સરકારશ્રીના નિયમો મુજબ શાળાઓ બંધ રાખવાની છે અને વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય બંધ થયું છે. સરકારશ્રીના આદેશ મુજબ વિવિધ માધ્યમો વડે શિક્ષણકાર્ય ચાલુ થયું છે. જેમ કે, દૂરદર્શન ગુજરાતી ‘‘ગિરનાર’’ ચેનલ પર રજુ થતો હોમ લર્નિંગ કાર્યક્રમ, દિક્ષા એપ્લિકેશન ઉપર તેની ઉપસ્થિતિ, યુ-ટ્યુબ, જી.સી.ઇ.આર.ટી. દ્વારા દરરોજ મોકલવામાં આવતી લિંક અને પીડીએફથી વિદ્યાર્થીઓ જ્ઞાન મેળવે છે. પરંતુ અમારી શાળાની આજુબાજુનો વિસ્તાર અતિ પછાત અને ભૌતિક અગવડતા ધરાવતો હોઇ આવા બાળકો નિરંતર શિક્ષણ મેળવી શકતા ન હતા. કોઇના ઘરે ટી.વી. નથી તો કોઇ પાસે સ્માર્ટ ફોન નથી તો વળી કોઇ પાસે ટી.વી. કે મોબાઇલ હોય તો તેને રીચાર્જ કરાવવાના નાણાં નથી. વોટ્સ-એપ કે ઝૂમ એપ્લિકેશન દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ અને માર્ગદર્શન આપવાનો પ્રયત્ન કરતા જ હતાં. પરંતુ ઘણા બધા વિદ્યાર્થીઓ તેઓના માતા-પિતા સિવાયના સગા-સંબંધી કે પાડોશીનો મોબાઇલ નંબર આપ્યો હતો તે પણ તેઓની વારંવારની રૂબરૂ મુલાકાત અને ફોન કોલ દ્વારા જાણવા મળ્યું. આથી વિદ્યાર્થીઓ સાથે પ્રત્યાયન કરવામાં તેઓને શિક્ષણકાર્ય આપવામાં બાધા ઉત્પન્ન થતી હતી.

આવા વિષમ સમયમાં કાંઇક નવતર પ્રયોગ કરવાની ઇચ્છા થતી હતી. ત્યારે અમારા પથદર્શક આચાર્યશ્રી દિનેશભાઇ પટેલ સાહેબની પ્રેરણા અને માર્ગદર્શનથી અમોએ એક નવા વિચારને અમલમાં મુક્યો. અમોએ અમારી શાળાની આજુબાજુના વિસ્તારમાં છ(૬) અલગ-અલગ જગ્યાએ બ્લેક બોર્ડ બનાવ્યા. આ કાર્ય કરવામાં અમારી શાળાના નિવૃત્ત શિક્ષક શ્રી કાંતિભાઇ પટેલનું યોગદાન મળ્યું. આ બ્લેકબોર્ડની આજુબાજુના સ્થળે રહેતા વિદ્યાર્થીઓને એકઠા કરી, સામાજિક અંતર જાળવી, માસ્ક પહેરવાનું માર્ગદર્શન આપી તેઓને મુંઝવતા પ્રશ્નોનું માર્ગદર્શન પુરુ પાડીએ છીએ. આ પ્રયોગ બાદ જે વિદ્યાર્થીઓ શિક્ષણકાર્ય કરવાનું પડતું મુકતા હતા તેના બદલે ગૃહકાર્ય પણ કરતા થયા છે અને શિક્ષણકાર્યમાં પણ જોડાતા રહે છે.

## સાધન સામગ્રી :

પાઠ્યપુસ્તક, ચોક, ડસ્ટર, ટી.એલ.એમ.

## મૂલ્યાંકન :

- વિદ્યાર્થીઓ જાતે તૈયારી કરતા થઇ ગયા.
- વિદ્યાર્થીઓ નાવીન્યપૂર્ણ વિચારો કરતા થયા.
- વિદ્યાર્થીઓ ઘરે નવરાશના સમયમાં અભ્યાસિક પ્રવૃત્તિ કરતા થયા.

## પરિણામ :

શાળાની કુલ સંખ્યામાં ૬૦% બાળકો શિક્ષણથી વિમુખ થતા અટક્યા છે.



- **ઈનોવેશનનું નામ : હરતાં – ફરતાં ભણીએ**
- **શિક્ષકનું નામ : પટેલ મહેશકુમાર ભીખાભાઈ**

Mobile : 94287 19302
Email : yugpatel.23.1.2008@gmail.com

- **શાળાનું નામ : શ્રી રાવરાણી પ્રાથમિક શાળા, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- પાયાનું જ્ઞાન વધુ સુદઢ બને છે.
- બાળકો જાતે શીખતા થાય છે.
- મહામારી જેવા કપરા સમયમાં પાયાનું જ્ઞાન જળવાઈ રહે છે.

## કાર્ય પદ્ધતિ :

- ધોરણ - ૩ થી ૫ માં બાળકોમાં પાયાનું જ્ઞાન સતત જળવાઈ રહે તે માટે કંઈક નવીન પદ્ધતિઓનો સહારો લઈ નાની એવી બુકની મદદથી વાંચન, લેખન અને ગણન કૌશલ્યો વિકાસ થાય તે દિશામાં કાર્ય કરવા માટે પ્રેરાય છે.
- બધી જ ભાષાઓનું પાયાનું જ્ઞાન ગાણિતિક ક્રિયાઓ સાથેનું સંપૂર્ણ જ્ઞાન આપણે આ કાર્યપદ્ધતિથી શીખવી શકીએ છીએ.

## મૂલ્યાંકન :

- ધોરણ ૩ થી ૫ ના બાળકો માટે આ ઇનોવેશન ખૂબ જ અસરકારક સાબિત થયું છે.
- ત્રણેય કૌશલ્યનું જ્ઞાન જીવંત રહે છે.

## પરિણામ :

- ધોરણ ૩ થી ૫ ના ૭૪ બાળકોમાંથી ૬૩ જેટલા બાળકોએ એટલે કે ૮૫.૧૩% જેટલા અને ધોરણ ૧ થી ૨ ના કુલ ૪૯ બાળકોમાંથી ૪૦ જેટલા એટલે કે ૮૧.૬૩% બાળકોએ આ ડાયરીનો સફળ પ્રયોગ કર્યો છે.
- આ ઇનોવેશનમાં ૯૦% થી ૯૫% જેટલી સફળતા પ્રાપ્ત થઇ છે.




• ઈનોવેશનનું નામ : માઈક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા ઓનલાઈન શિક્ષણ

• શિક્ષકનું નામ : શ્રી સુરેશભાઈ બી. ધોરિયા
Mobile : 92656 04376
Email : suresh.dhoriya09@gmail.com

• શાળાનું નામ : શ્રી સી. ડી. કપાસી હાઈસ્કુલ, તા.ચુડા, જિ.સુરેન્દ્રનગર.


## હેતુઓ :

- વિદ્યાર્થીઓ ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં શીખે.
- વિદ્યાર્થીઓ આગામી બોર્ડની પરીક્ષામાં વધુ સારું પરિણામ લાવી શકે.
- બાળકો કોવિડના સમયગાળા દરમિયાન શિક્ષણથી વંચિત ન રહે.
- વિદ્યાર્થીઓ ચિત્રાત્મક શૈલી દ્વારા વિડીયો નિહાળી અભ્યાસક્રમ સરળતાથી યાદ રાખી શકે.
- વિદ્યાર્થીઓ ઘેર બેઠા વિડિયો યુ-ટ્યુબ, ઓનલાઈન ક્વિઝ, ક્યૂ.આર.કોડ વગેરે દ્વારા પોતાને અનુકૂળ સમયે શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે.
- વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ અને તરત માર્ગદર્શન પ્રાપ્ત થાય.
- વિદ્યાર્થીઓ જાતે ઘેર બેઠા પાઠનું પુનરાવર્તન કરી શકે.

## કાર્ય પદ્ધતિ :

- કોરોનાની વૈશ્વિક મહામારીના સમયગાળા દરમિયાન શાળાઓ બંધ હતી, પણ શિક્ષણ બંધ ન હોવું જોઈએ. કારણ કે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે આ વર્ષ પાયાનું, સફળતા અપાવનારું અને જીવન ઘડતરમાં ખૂબ જ મહત્વનું છે. વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે મેં આ સમયગાળા દરમિયાન બધા જ બાળકો ઘેર બેઠા અભ્યાસ કરી શકે તે માટે જિલ્લાના અને અન્ય જિલ્લાના બાળકોને નિયમિત શિક્ષણ મળી રહે તે માટે મેં વાલીઓના વોટ્સએપ ગ્રુપ બનાવી શિક્ષણ આપવાનું શરૂ કર્યું. જેમાં દરરોજ એક વિડીયો, તે પાઠની ઓનલાઇન ક્વિઝ, ક્યુ.આર.કોડ વગેરે દ્વારા શિક્ષણકાર્ય શરૂ કર્યું. આ શિક્ષણકાર્ય ૨૮ એપ્રિલથી નિયમિત શરૂ કરી આજ દિવસ સુધી એટલે કે ૮ થી ૯ મહિના સુધી માઇક્રોસોફ્ટ ટિમ્સ દ્વારા સાંજે ૭ વાગગ્યે દરરોજ શિક્ષણ આપવાનું શરૂ કર્યું. જેમાં સરકારના આદેશ મુજબ માઈક્રોસોફ્ટ ટીમ્સ નામની એપ્લિકેશન દ્વારા દરેક વિદ્યાર્થીઓને નિયમિત ૧ થી ૧.૩૦ કલાક સુધી શિક્ષણ આપવાનું ચાલુ ર્યું અને હજી પણ ચાલુ જ છે. જેમાં શરૂઆતમાં થોડા વિદ્યાર્થીઓ જોડાયા હતા. ત્યારબાદ વાલીઓનો સંપર્ક અને ફોન કરી, ઘરે જઈ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી અને દરરોજ વિદ્યાર્થીઓ પાસે એન્ડ્રોઇડ ફોન ઉપલબ્ધ હોય બાકીના વિદ્યાર્થીઓને શેરીમાં કે બાજુના ઘરમાં બોલાવીને સાથે બેસાડીને તેઓ પણ અભ્યાસ કરી શકે તે માટેના પ્રયત્ન કર્યા. જેમાં નિયમિત આજ દિવસ સુધી ૪૫ થી ૪૯ વિદ્યાર્થીઓ મારા સામાજિક વિજ્ઞાનના લેક્ચરમાં અગાઉ અન્ય પિરિયડ હોવા છતાં ૧ થી દોઢ કલાક સાંજના સાત વાગ્યે લેક્ચરની અંદ જોડાય છે અને શિક્ષણ પ્રાપ્ત કરે છે. જેમાં પાઠની સમજૂતી પ્રશ્નોત્તરી અને મુંજવતા કઠિન પ્રશ્નો ઉકેલ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

## મૂલ્યાંકન :

- આ નવતર પ્રયોગના પરિણામે સરકાર દ્વારા લેવાતી ઓનલાઇન ટેસ્ટમાં મારી શાળાની ત્રણ વિદ્યાર્થીઓની રાજયમાં નંબર મેળવી શકી. આ ઉપરાંત દરેક એકમ કસોટીમાં વિદ્યાર્થીઓ સારો દેખાવ કરી શક્યા.

## પરિણામ :

- ઓનલાઈન ક્વિઝ આપનાર વિદ્યાર્થીઓ વધુ સારા માર્કસ મેળવી શખ્યા.
- મારી યુ-ટ્યુબ ચેનલ દ્વારા શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો.
- મારી શાળાની ત્રણ વિદ્યાર્થીઓની રાજયમાં નંબર મેળવી શકી.
- વિદ્યાર્થીઓ આગામી બોર્ડની જાહેર પરિક્ષામાં પણ સારું પરિણામ લાવશે.

My Youtube Channel : https://youtube.com/channel/UCMBMIbVT61iESawC_ZCxU-g




• ઈનોવેશનનું નામ : ઘરના સાથે ઘરકામ

• શિક્ષકનું નામ : હિતેષકુમાર કિશોરભાઈ પંડ્યા

Mobile : 98245 67899

Email : hkpandya1@gmail.com

• શાળાનું નામ : શ્રી જીવણસિંહ કેળવણી મંડળ હાઈસ્કુલ, તા.લીંબડી, જિ.સુરેન્દ્રનગર.


## હેતુઓ :

- આધુનિક સુવિધા ના હોય તો પણ શિક્ષણ ટેક્નોલોજી અભાવ હોવા છતાં શિક્ષણ પ્રાપ્તિ પરિવાર પાસે જ્ઞાન પ્રાપ્તિ - એક માતા ૧૦૦ શિક્ષકની ગરજ સારે સાર્થક બનાવવું.

## કાર્ય પદ્ધતિ :

- દુનિયામાં આવેલી વૈશ્વિક મહામારી વચ્ચે બાળકો વધુ સમય પોતાના માતા-પિતાના અને પરિવારના સભ્યો પાસે રહે તે માટે તેમના જીવનધોરણ - આજીવિકા, વિવિધ લાગણીઓ, આત્મનિર્ભરતાના ગુણ - વ્યવસાયલક્ષી આવડતો, પરિવારમાં રહેલી એકતાની ભાવના, સહાયરૂપતાના ગુણો, જીવન શિક્ષણના વિવિધ ગુણો, તહેવારો, ધાર્મિકતા, આચાર-વિચાર અને શિષ્ટાચારના ગુણોનો વિકાસ કરતી પ્રવૃત્તિઓ કરવી.
- માતા-પિતા પાસેથી વ્યવસ્થાલક્ષી જ્ઞાન કેવી રીતે મેળવવું તેની જાણકારી.
- પ્રાચિન લગ્નગીત, લોકગીત, ગરબા, ફટાણા જેવી લુપ્ત થતી કલાઓ શીખવી.
- સંગીત, ચિત્ર, સુથારીકામ, લુહારીકામ, દરજીકામ કે પાકવિદ્યા શીખી આજીવિકાના સ્રોત નક્કી કરવા.
- ઘરના વડીલો પાસેથી ધાર્મિકતાના ગુણો વાર-તહેવારની ઉજવણી અને માન્યતા તેમજ તેના ઉદ્દેશ્યો જાણવાના ગૃહકાર્ય આપ્યા.
- ઘરની માસિક આવકનો હિસાબ રાખવાના કાર્યની યાદી બનાવડાવવી.
- વિવિધ લાગણીનો ઉપયોગ અને અનુભવ નોંધવો.
- ધાર્મિક સ્થળો અને ઐતિહાસિક પાત્રોની માહિતી પરિવાર પાસેથી મેળવવી.
- વિવિધ પાકો, ખરીફ પાક, જાયદપાક, બાગાયતી ખેતી જેવા ખેતીલાયક માર્ગદર્શન વડીલો પાસે લેવા.
- સગા-સ્નેહીના વ્યવસાય, રહેણાંક અને આવડતની જાણકારીઓ પરિવાર પાસેથી મેળવીને નોંધવી.
- વિવિધ કચેરી અને વ્યવસાય તેમજ તેની કાર્યપદ્ધતિ વિશેની નોંધ પરિવારના સદસ્યો પાસેથી પૂછવી.
- લાગણી, પ્રેમ, હુંફ, નફરત, મદદ કરવાની ભાવના પૈસાની બચત કેટલી ઉપયોગી તેની જાણકારી પરિવાર પાસેથી મેળવવી.

## મૂલ્યાંકન :

- વિદ્યાર્થીઓ આત્મનિર્ભર બની પરિવાર સાથે આજીવિકાયુક્ત શિક્ષક, વડીલો અને પરિવાર પાસે રહીને શીખી દરેક પરિસ્થિતિમાં જીવન જીવતા શીખી શકે.

## પરિણામ :

- શરૂઆતમાં ટેક્નોલોજી અને ઓનલાઇનમાં રચ્યા-પચ્યા રહે.
- ગેરમાર્ગે દોરાતા, ગેમ, આર્થિક મુશ્કેલીઓ, અવ્યવસ્થા, પરિવારથી વિલુપ્ત રહેતાને પરિવાર સાથે જોડવામાં ૬૦% થી ૭૦% પરિણામ પ્રાપ્ત કરી સફળતા મળી.

• ઈનોવેશનનું નામ : કોવિડ-૧૯ દરમ્યાન બ્લેન્ડેડ લર્નિંગ દ્વારા અસરકારક શિક્ષણ

• શિક્ષકનું નામ : પંચાલ નીતિનકુમાર ભરતકુમાર
Mobile : 82389 14355
Email : nitinpanchal8049@gmail.com

• શાળાનું નામ : શ્રી વડિયા પ્રાથમિક શાળઆ-૧, તા. સાયલા, જિ.સુરેન્દ્રનગર.




## હેતુઓ :

- કોવિડ-૧૯ દરમ્યાન શાળાઓ બંધ હોવાથી વિદ્યાર્થીઓ અસરકારક શિક્ષણ મેળવે.
- વિદ્યાર્થીઓને શાળા જેવું વાતાવરણ પ્રાપ્ત થાય.
- વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ થાય.
- વિદ્યાર્થીઓને ઓનલાઇન શિક્ષણ સારી રીતે મળી રહે તે માટે પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરવા.
- વિદ્યાર્થીઓના શૈક્ષણિક મૂલ્યાંકન માટે ગુગલ ફોર્મ દ્વારા ક્વિઝ તૈયાર કરવી.

## કાર્ય પદ્ધતિ :


- બ્લેન્ડેડ લર્નિંગ એવી શૈક્ષણિક પદ્ધતિ છે કે જેમાં ઓનલાઇન ટિચીંગ તેમજ પરંપરાગત વર્ગખંડ શિક્ષણનું સંજોયન કરવામાં આવે છે.
- કોરોના સમયગાળા દરમ્યાન બાળકોએ શાળાએ આવવાનું નથી માટે શિક્ષણકાર્ય કરાવવું ઘણું અઘરું બની રહ્યું છે, એમાંય અંગ્રેજી અને સંસ્કૃત જેવી ભાષાઓનું શિક્ષણ. આ ઉપરાંત તમામ વાલીઓ પાસે મોબાઇલ ફોનની સગવડતા પણ નથી. તેમજ ઓનલાઇન શિક્ષણ દરમ્યાન કેટલીક શૈક્ષણિક અધ્યયન નિષ્પત્તિઓ એવી પણ છે જે સિદ્ધ કરવા માટે પ્રત્યક્ષ શિક્ષણ તેમજ પ્રત્યક્ષ પ્રવૃત્તિઓ કરાવવી જરૂરી થઇ પડે.
- આ માટે ઓનલાઇન ટિચીંગ માઇક્રોસોફ્ટ ટીમ દ્વારા આપવામાં આવે છે. જેના માટે ધોરણ ૬ થી ૮ અંગ્રેજી તથા સંસ્કૃત વિષયના પ્રથમ સત્રના તમામ એકમની બધી જ પ્રવૃત્તિના પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવ્યા. જેથી વિદ્યાર્થીઓ સરળતાથી તમામ પ્રવૃત્તિઓ સરળતાથી તેમજ રસપૂર્વક શીખી શકે.
- આ ઉપરાંત કેટલીક પ્રવૃત્તિઓ જે પ્રત્યક્ષ કરાવવાની જરૂર છે તેના માટે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ તેમના ઘરે જઇ માર્ગદર્શન આપવામાં આવ્યું. જેથી વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિમાં વધારો થયો.
- અધ્યયન નિષ્પત્તિઓના મૂલ્યાંકન માટે ગુગલ ફોર્મ્સ દ્વારા ધોરણ ૬ થી ૮ ના અંગ્રેજી અને સંસ્કૃત વિષયના તમામ એકમોની ક્વિઝ તૈયાર કરી વિદ્યાર્થીઓને વોટ્સએપ ગ્રુપ દ્વારા મોકલવામાં આવી. જેથી વિદ્યાર્થીઓ તેમની જાતે જ પોતાની સિદ્ધિ જાણી શકે.
- આમ, બ્લેન્ડેડ લર્નિંગની આ પદ્ધતિથી શૈક્ષણિક કાર્ય બીજા સત્ર માટે ચાલુ કર્યું છે.

## મૂલ્યાંકન :

- આ પ્રક્રિયાના મૂલ્યાંકનમાં ગુગલ ફોર્મ્સ દ્વારા તૈયાર કરેલ ક્વિઝ તેમજ સમયાંતરે લેવામાં આવતી એકમ કસોટીના પરિણામનો ઉપયોગ કરવામાં આવે છે.

## પરિણામ :

- આ પ્રક્રિયાના પરિણામ માટે વિદ્યાર્થીઓની ગુગલ ફોર્મ્સ દ્વારા લેવાયેલ ક્વિઝ તેમજ એકમ કસોટીના અંગ્રેજી તેમજ સંસ્કૃત વિષયના પરિણામોનો અભ્યાસ તેમના પરિણામ વર્તમાન પરિસ્થિતિને જોતાં સારા કહી શકાય તેવા જોવા મળ્યા.



- **ઈનોવેશનનું નામ : અક્ષર સુધારણા**
- **શિક્ષકનું નામ : શ્રી દેવાભાઈ ગોવિંદભાઈ ભરવાડ**

Mobile : 97121 65121
Email : sindhavnik592@gmail.com

- **શાળાનું નામ : શ્રી કન્યા શાળા ઝોબાળા, તા.ચુડા, જિ.સુરેન્દ્રનગર**

## હેતુઓ :

- બાળકોના અક્ષરો સુધરે.
- બાળકોના અક્ષરો મરોડદાર થાય.
- બાળકોને લખાણ ગમે.
- શાળાના તમામ વિદ્યાર્થીઓના અક્ષર એક સરખા થાય.
- આજીવન એટલે કે કાયમી સુંદર અક્ષરો થાય.

## સાધન સામગ્રી :

- બ્લેક બોર્ડ
- ચોક
- અક્ષરના નમુના

## કાર્ય પદ્ધતિ :

- નિયમિત ફકરા લખાવવા
- યોગ્ય વળાંક આપવા
- હ્રસ્વ ઇ અને દીર્ઘ ઇના યોગ્ય વળાંક શીખવવા.
- અક્ષરો સીધા કરવા.

## મૂલ્યાંકન :

- નિયમિત અક્ષરો ચકાસીને.
- ભૂલો થતી હોય ત્યાં યોગ્ય માર્ગદર્શન.

## પરિણામ :

- મારી શાળાનાં ૬ થી ૮ ધોરણના તમામ વિદ્યાર્થીઓના અક્ષરો મરોડદાર અને સુંદર થયા.
- વિદ્યાર્થીઓને લખાણ પ્રત્યે રસરૂચિ વધી.
- પ્રોજેક્ટ કાર્ય પોતાના અક્ષરમાં કરતાં થયા.
- શાળામાં ૧૦૦ કરતા વધારે પ્રોજેક્ટ કાર્ય કર્યા.

• ઈનોવેશનનું નામ : **ફળિયુ શાળા**

• શિક્ષકનું નામ : **ડામોર અતુલકુમાર વાલજીભાઈ**
Mobile : 99044 41710
Email : damoratul@gmail.com

• શાળાનું નામ : **શ્રી સુખસર પ્રાથમિક શાળા-૧, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર.**




## હેતુઓ :

- બાળકો શિક્ષણથી વંચિત ના રહે.
- કોવિડ-૧૯ વિશે જાગૃતતા ફેલાવવી.
- દિક્ષા એપ, ક્યૂ.આર.કોડ સ્કેન કરતાં શીખવવું.
- બાળકોમાં રહેલી વિવિધ ક્ષમતાને જાણી બહાર લાવવી.
- વાલીઓ સાથે આત્મીયતા કેળવવી.

## કાર્ય પદ્ધતિ :

- સૌ પ્રથમ એસ.એમ.સી.ના સભ્યોની મુલાકાત કરી કોવિડ-૧૯ અંતર્ગત શાળા બંધ છે ત્યારે આ પરિસ્થિતિમાં બાળકોનું શિક્ષણ ન બગડે તે માટે આ નવતર પ્રયોગની માહિતી આપવી. કોઇને નુકસાન અથવા અડચણરૂપ ન થાય તેવી રીતે સ્થળની પસંદગી કરી બાળકોને ફરજિયાત માસ્ક, સામાજિક અંતર, સેનેટાઇઝરની વ્યવસ્થા કરી.
- સાથે સાથે વર્ચ્યુઅલ ક્લાસ દિક્ષાએપની મદદથી શિક્ષણ કાર્ય કરવામાં આવે છે.
- આ પરિસ્થિતિમાં બાળકોમાં રહેલી વિવિધ પ્રતિભાને જાણી તેને બહાર લાવવાની કોશિશ કરવામાં આવે છે.
- સંગીત, ચિત્ર, લેખન કાર્ય, અક્ષર સુધારણા, અર્થપૂર્ણ વાંચન વગેરે.
- બાળકો ઉત્સાહ અને આનંદ સાથે શિક્ષણ મેળવતા વાલીઓને આ નવતર પ્રયોગ ખુબજ સુંદર અને સરાહનીય લાગ્યો. આ નવતર પ્રયોગની અસર એ થઈ કે રજાના સમયમાં વાલીઓ જાતે મહોલ્લા શાળા ચલાવતા થયા.

## મૂલ્યાંકન :

- એક હોલ્લામાં શરૂ કરેલી શાળા તમામ ગામમાં વિવિધ ફળિયામાં કાર્યરત થતાં શાળાના તમામ બાળકોને શિક્ષણ મળતા વાલીઓ પોતાના બાળકોના શિક્ષણ માટે નિશ્ચિંત બન્યા. સાથે વિવિધ સ્પર્ધા અને ઓનલાઇન ક્વિઝ દ્વારા બાળકોએ મેળવેલ શિક્ષણ ચકાસણી કરતાં સમય જતાં ઊંચું પરિણામ પ્રાપ્ત થયું. વાલીઓમાં શિક્ષક અને શાળા પ્રત્યે આત્મીયતા વધવા લાગી.

## પરિણામ :

- બાળકો શિક્ષણ સાથે જોડાયેલા રહ્યા.
- વાલીઓની શિક્ષક સાથે આત્મીયતા વધવા લાગી.
- દિક્ષા એપ, ક્યૂ.આર. કોડ, વર્ચ્યુઅલ ક્લાસ વિશે માહિતગાર થયા.
- તેમનામાં રહેલી વિવિધ ક્ષમતાને ઓળખવા લાગ્યા.

• ઈનોવેશનનું નામ : **ઘેર બેઠા જ્ઞાન ગંગા**

• શિક્ષકનું નામ : **બળવંતભાઈ ગોરધનભાઈ કાલીયા**

Mobile : 74054 65875

Email : balvant.kaliya8@gmail.com

• શાળાનું નામ : **શ્રી વીર શહીદ ડી. ડી. ચૌહાણ, ટીકર (પરમાર) પે સેન્ટર શાળા, તા.મુળી, જિ.સુરેન્દ્રનગર.**




## હેતુઓ :

- લોકડાઉનના સમયમાં શાળાઓ બંધ છે ત્યારે વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત ના રહે.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સજ્જતામાં વધારો થાય.
- વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય.
- વધુમાં વધુ વિદ્યાર્થીઓને શિક્ષણનો લાભ મળે.

## કાર્ય પદ્ધતિ :

- જૂન ૨૦૨૦ થી જે-જે વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટફોનની સગવડતા હતી તેમને વોટ્સએપની મદદથી ગ્રુપ કોલિંગ દ્વારા માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું. અન્ય વિદ્યાર્થીઓને ફોન કરીને તેમજ રૂબરૂ મુલાકાત દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડ્યું.
- ધોરણ ૬ થી ૮ ના સૌ શિક્ષકોએ ભેગા મળી એક ટાઇમ ટેબલ બનાવી જુલાઇ માસથી જ ગુગલ મીટ એપ્લિકેશનની મદદથી ઓનલાઇન ક્લાસ લેવાનું શરૂ કર્યું.
- વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓના જનરલ નોલેજમાં વધારો થાય તે માટે ટેસ્ટ મોજ એપ્લિકેશન પર ઓનલાઇન ક્વિઝ બનાવી વોટ્સએપના માધ્યમથી વિદ્યાર્થીઓને પહોંચાડવામાં આવી.
- અભ્યાસક્રમમાં ઉપયોગી થાય તેવી દિક્ષા, સ્લેટ, જ્ઞાનયોગી, એક્સ્ટ્રાક્લાસ જેવી એપ્લિકેશન વાલીના મોબાઇલમાં ડાઉનલોડ કરાવી તેનો વધુમાં વધુ ઉપયોગ થાય તેવા પ્રયત્નો કર્યા. આ માટે વાલીને ટેલિફોનિક તેમજ રૂબરૂ માર્ગદર્શન પણ આપ્યું.
- ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા પ્રસારિત યુ-ટ્યુબ ચેનલ પર પ્રસિદ્ધ થયેલ ધોરણ ૬ થી ૮ ના વિડિયો નિર્માણમાં જેમાં પ્રસ્તુતકર્તા તેમજ એડિટર તરીકે કામગીરી કરી. તેમજ જીસીઆરટી, ગાંધીનગર મુકામે અંગ્રેજી માધ્યમના વિડીયો નિર્માણમાં એડિટર તરીકે કામગીરી કરી.
- ધોરણ ૮ના વિદ્યાર્થીઓને ઓનલાઇન વર્ચ્યુઅલ ક્લાસ એપ દ્વારા એન.એમ.એમ.એસ. પરીક્ષાનું માર્ગદર્શન આપવામાં આવ્યું. એન.એમ.એમ.એસ. પરીક્ષામાં વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તે માટે ઓનલાઇન ક્વિઝ બનાવી તેને બ્લોગ પર અપલોડ કરી. (bgkaliya.blogspot.in)
- ધોરણ ૩ થી ૫ ના 'દિક્ષા' પર્યાવરણ વિષયમાં વિષયવસ્તુ નિર્માતા તેમજ એડિટર તરીકે કામગીરી કરી.

## મૂલ્યાંકન :

- ઓનલાઇન ટેસ્ટ દ્વારા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું તેમજ ઓનલાઇન વર્ચ્યુઅલ ક્લાસમાં પ્રત્યક્ષ પ્રશ્નોત્તરી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

## પરિણામ :

- વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષમતામાં વધારો થયો. એકમ કસોટીમાં તેમનો દેખાવ સારો રહ્યો. જે વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટફોનની સુવિધા હતી તેઓ નિયમિત રીતે ઓનલાઇન ક્લાસમાં જોડાયા.

- ઈનોવેશનનું નામ : **ક્રેઝી મેથ્સ – સાયન્સ વિથ કોવીડ–૧૯**


- શિક્ષકનું નામ : **પરમાર હેતલબેન જયંતિભાઈ**

Mobile : 97734 14406
Email : ravirajparmar030@gmail.com

- શાળાનું નામ : **શ્રી મીણાપુર પ્રા. શાળા, તા.ચુડા, જિ.સુરેન્દ્રનગર**




## હેતુઓ :

- ઓનલાઇન અભ્યાસક્રમ સાથે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ
- ગણિત-વિજ્ઞાન વિષય પ્રત્યેની નિરસતા દૂર કરી અભ્યાસ રસપ્રદ બને અને પ્રવૃત્તિ અને પ્રયોગો દ્વારા શિક્ષણ મેળવે.

## કાર્ય પદ્ધતિ :

- ઓનલાઇન અભ્યાસ સાથે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ મળે તે માટે અમે સૌ પ્રથમ ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીનિ ઘરે જઇ તેમને શિક્ષણમાં આવતી સમસ્યા જાણી (સમસ્યા : મોટા ભાગના વિદ્યાર્થીઓને ખેતીકામ માટે વાલી ખેતરે લઈ જતાં તેથી તેઓ અભ્યાસમાં ધ્યાન આપી શકતા નહીં.) તેમને ગણિત-વિજ્ઞાન વિષયમાં આવતા પ્રયોગો પ્રવૃત્તિ અને ટી.એલ.એમ. બનાવવા આપ્યા. આશરે ૬૦ વિદ્યાર્થીઓએ ૭૦ જેટલા ટી.એલ.એમ. બનાવ્યા. જેમાં પ્રકાશ સંશ્લેષણ, માનવહૃદય, માનવ દાંત - દાઢ, અવિભાજ્ય - વિભાજ્ય સંખ્યા, ઘડિયા, સંખ્યા રેખા, વર્ગ ઘન, રોમન અંક, સૂત્રો, ગણિત સંજ્ઞાઓ, માનવ કિડની, માનવ ફેફસાં, પુષ્પના ભાગો, તારાજુથ, નવગ્રહ મોડલ વગેરે..

## મૂલ્યાંકન :

- માઇક્રોસોફ્ટ ફોર્મ દ્વારા ઓનલાઇન ક્વિઝ બનાવી મૂલ્યાંકન કરવામાં આવ્યું.

## પરિણામ :

- ધોરણ ૬ થી ૮ ના ૬૦ વિદ્યાર્થીએ આ પ્રવૃત્તિમાં ભાગ લઈ તેના દ્વારા જ્ઞાન મેળવી ઓનલાઇન ક્વિઝમાં ૮૦% વિદ્યાર્થીઓ સારા માર્કસ લાવતા થયા.
- ધોરણ ૬ માં ૬૩.૬૭% વિદ્યાર્થીઓ
- ધોરણ ૭ માં ૮૩.૩૩% વિદ્યાર્થીઓ
- ધોરણ ૮ માં ૮૪.૧૮% વિદ્યાર્થીઓ

• ઈનોવેશનનું નામ : **સ્વથી સર્વ સુધી**

• શિક્ષકનું નામ : **વાઘેલા અરૂણાબેન રતનસિંહ**
Mobile : 82380 82915
Email : arunaparmar915@gmail.com

• શાળાનું નામ : **શ્રી વિઠ્ઠલપરા પ્રાથમિક શાળા, તા.લખતર, જિ.સુરેન્દ્રનગર**



## હેતુઓ :

- બાળકોનો સર્વાંગી વિકાસ થાય, હતાશા દૂર થાય, આત્મવિશ્વાસ વધે અને યુવાનોના સામાન્ય જ્ઞાનમાં વૃદ્ધિ થાય.

## કાર્ય પદ્ધતિ :

- બાળકોને રૂટિન શિક્ષણથી કંટાળીને શરૂઆતના કાળમાં વેકેશનની મજા માણવાની ખૂબ મજા આવી પણ એમના માતા-પિતા ખેતીકામ કરતા હોવાથી નાના ભાઇ-બહેનને સાચવવાની જવાબદારી તેમજ કામના બોજ અને નવરાશના સમયમાં કંટાળો આવતા મુરઝાવા મંડ્યા. બાળકો ફોન દ્વારા પૂછ પરછ કરવા લાગ્યા ''બેન શાળા ક્યારે ખુલશે?'' એક તરફ ગુજરાત સરકારના પ્રયત્નો દ્વારા જીસીઆરટી દ્વારા પંખીનો માળો, ''ઘરે શીખીએ'' જેવા કાર્યક્રમ શરૂ થયા જેની બાળકો પર ખૂબ સારી અસર પડી. ગાંધીનગરના શિક્ષકો તેમજ મારા દ્વારા નિઃશંકવર્ષોત્સવ જેવા ગ્રુપ નિર્માણ કરીને બાળકોને શિક્ષણની સાથે સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા કાર્યરત રખીને તેમની આંતરિક શક્તિને ખીલવી આત્મવિશ્વાસ જગાડીને નવતર પ્રયોગ કરાવ્યા અને ક્વિઝ અને વેબિનાર માં જોડાઇને સ્વવિકાસ પણ કર્યો. સમાજ તેમજ શિક્ષણની સેવામાં વધારો કરવા સતત પ્રયત્નશીલ રહી તેમજ ગ્રુપની લિંક મોકલીને વિદ્યાર્થીઓને તેમજ જ્ઞાનપિપાસુઓના જ્ઞાનમાં વધારો કર્યો. વોટ્સએપના સ્ટેટસમાં વિવિધ કોરોનાલક્ષી જાણકારી મૂકીને સજાગતા કેળવી, સભાનતા કેળવીને સ્વબચાવની સાથે સાથે સમાજની રક્ષા કરવાનું પણ ચાલુ કર્યું. આ સમયમાં માનસિક રીતે માણસ ખૂબ પડી ભાંગ્યા હતા ત્યારે નૈતિક જવાબદારી સમજીને એવા સુવિચારો અને મોટીવેશનલ સ્ટેટસ મુક્યાં. બાળકોની પ્રવૃત્તિ મૂકી કે જેની વાલીઓ અને સજાગ નાગરિકો દ્વારા તેની પ્રશંસા કરવામાં આવી અને એની નોંધ લેવામાં આવી. સુવિચાર દ્વારા હતાશ થયેલા લોકોના જીવનમાં નવો સંચાર થયો. મારા ૧૫૦થી વધુ સર્ટિફિકેટ જોઇને અનેક શિક્ષકો તેમજ જ્ઞાનપિપાસુઓએ ગ્રુપમાં જોડાવા તેમજ વેબિનારમાં જોડાવાની ઝંખના જાગી. મારી પાસે લિંક માંગવામાં આવી એ લીંક મેં તમને પૂરી પાડી અને તેઓ પોતાના રિઝલ્ટ પણ મારી સમક્ષ મને પર્સનલ પણ મુકવા માટે વોટ્સએપ સ્ટેટસમાં પણ મૂકવા માંડ્યા. એમના પોતાના આત્મવિશ્વાસમાં વધારો થયો. લગભગ ૨૨ થી વધુ ગ્રુપમાં જોડાઇને માહિતી મોકલી યુ-ટ્યુબ વિડીયો પણ બનાવ્યા.

## મૂલ્યાંકન :

- મૂલ્યાંકન પ્રક્રિયા એ રીતે કરવામાં આવતી કે બાળકો જે પણ પ્રવૃત્તિ કરે તેના ફોટોગ્રાફ્સ મોકલાવે અને એના આધારે તેમને પ્રોત્સાહન આપવામાં આવતું. તેમણે જો કોઇ કસોટી આપી હોય તો તેનાં પરિણામ પણ એ લોકો મોકલતા. કેટલા ગુણ પ્રાપ્ત કર્યા છે અથવા તો કોઇ ક્વિઝનાં સર્ટિફિકેટ મોકલાવતા. આ રીતે એ લોકોનું મૂલ્યાંકન થતું. વોટ્સએપ સ્ટેટસની વાત કરૂ તો સ્ટેટસમાં જોયેલાં સુવિચાર કોઇ પ્રવૃત્તિના રીપ્લાય આપવામાં આવતા અને જો કોઇ સ્પર્ધામાં ભાગ લેવાનું હોય તો એની લિંક માંગવામાં આવતી અને જીતી જાય કે સ્પર્ધામાં કોઇ ઇનામ પ્રાપ્ત કરે તો એના ફોટા મોકલવામાં આવતા. આ રીતે મૂલ્યાંકન થતું.

## પરિણામ :

- અનેક બાળકો તેમજ શિક્ષકો તેમજ જ્ઞાનપિપાસુ પોતાના સર્ટિફિકેટ વોટ્સએપ સ્ટેટસમાં તેમજ પર્સનલમાં મને મૂકીને તેમની પ્રતિભા બતાવી બાળકોએ તેમની વિવિધ પ્રવૃત્તિઓના ફોટા, ઓડિયો, વિડીયો મૂકીને તેમની ભાગીદારી નોંધાવી.
- હાર્વી, રિદ્ધિ, શ્વેતા, નિશા, સાક્ષી જેવી વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રતિભાવમાં કહ્યું છે કે આવી પ્રવૃત્તિઓ દ્વારા અમારો ખૂબ વિકાસ થયો. લોકડાઉન અને અનલોકની પરિસ્થિતિમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરતા રહેવાથી ખૂબ જ મજા આવી. ઘણું શીખવા અને જાણવા મળ્યું. અમારો સર્વાંગી વિકાસ થયો.
- મારી શાળાના ૨૩૫ બાળકોમાંથી ૧૭૦ બાળકોમાં આ ઇનોવેશન બાદ શિક્ષણમાં રસ જાગૃત થયો છે. તેમજ તેઓના પરિણામમાં સુધારો થયો છે એટલે કે ૭૨% સુધારો જોવા મળેલ છે.




• ઈનોવેશનનું નામ : Wi-Fi ક્લાસ

• શિક્ષકનું નામ : પરમાર ક્રિષ્ના ઈશ્વરભાઈ

Mobile : 96011 99476

Email : krishnajadav987@gmail.com

• શાળાનું નામ : શ્રી ઓળક પ્રાથમિક શાળા, તા.લખતર, જિ.સુરેન્દ્રનગર


## હેતુઓ :

- કોવિડ-૧૯ અંતર્ગત શાળાઓમાં રજા હોવાને કારણે બાળકોનું ભણવાનું બગડું હતું માટે બાળકોનું ભણવાનું ના બગડે તે માટેબાળકોના ઘર સુધી સાહિત્ય પહોંચાડવામાં સમસ્યા એ હતી કે બાળકો ઘરે મળતા ના હોવાથી સાહિત્ય પહોંચાડવામાં પણ વાર લાગતી હતી. તો સમયસર પહોંચાડવા વોટ્સએપના માધ્યમથી અને ઘરે ઘરે જઇને સાહિત્ય આપવું.

## કાર્ય પદ્ધતિ :

- વર્ચ્યુઅલ ક્લાસની શરૂઆતમાં બહુ જ ઓછા બાળકોએ ભાગ લીધો.
- શરૂઆતમાં એક-બે કે ત્રણ બાળકો જ ઓનલાઇન થયા હતા. ત્યારબાદ ધીમે-ધીમે ૮-૧૦ બાળકો ભાગ લેતા થયા.
- તેથી બાળકો સાથે અમે કનેક્ટ થયા તેમજ તેમના પ્રશ્નો, તેમને પડતી મુશ્કેલીઓથી જાણકાર બન્યા.
- તેમને જરૂરી સાહિત્ય તુરત જ પહોંચાડી શક્યા.
- વર્ચ્યુઅલ ક્લાસમાં અમારી શાળાના ૩ થી ૮ ના દરેક શિક્ષકે પ્રયત્નો કર્યા.
- ઓનલાઇન ક્લાસમાં પાઠના આધારે વિવિધ પ્રશ્નો તથા તેને લગતું સાહિત્ય આપવામાં આવતું. તેમજ તેમને તેને લગતી પ્રવૃત્તિઓ આપવામાં આવતી. જે બાળકો ઓનલાઇ ન થતા તે બાળકોને વોટ્સએપ ગ્રુપ દ્વારા સાહિત્ય ઘરે-ઘરે જઇને આપવામાં આવતું.
- બાળકોને ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી, જનરલ નૉલેજ જેવા વિષયોને લગતી પ્રશ્ન બેંક તેમજ તેને અનુરૂપ સાહિત્ય ઘરે ઘરે જઇને આપતા.
- જે બાળકો પાસે સ્માર્ટ ફોન હોય તેવા વિદ્યાર્થીઓને તથા વાલીઓને પણ તેનો ઉપયોગ કરતા શીખવતા. બાળકો તથા વાલીઓને આરોગ્ય સેતુ એપ, દિક્ષા એપનો ઉપયોગ શીખવાડતા. જેમા મારી સાથે મારા સાથી મિત્રો, સેજલબેન પી. પટેલ, સુરેશભાઇ એલ. મેણીયા તથા દિપકભાઇ એમ. મકવાણાએ ઘણો સાથ સહકાર આપ્યો. વાલી અને વિદ્યાર્થીઓ ડિજીટલ યુગમાં ભાગીદાર થયા.

## મૂલ્યાંકન :

- વર્ચ્યુઅલ ક્લાસથી બાળકોને શાળા જેવું વાતાવરણ મળ્યું. બાળકોના પ્રશ્નોનું નિરાકરણ થયું.
- ધોરણ ૬ થી ૮ ના ૭૦ બાળકોએ આનો લાભ લીધો.

## પરિણામ :

- આ પ્રયોગથી ૬૦% પરિણામ મળ્યું. વાલી અને વિદ્યાર્થી ડિજીટલ યુગના જાણકાર બન્યા.

• ઈનોવેશનનું નામ : **EDUCATION WITH FRAEDUCATION**

• શિક્ષકનું નામ : **જયેશકુમાર નાથાલાલ પઢારીયા**

Mobile : 99784 34360

Email : jayesnpadhariya@gmail.com

• શાળાનું નામ : **શ્રી સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, રાવળીયાવદર, તા.ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.**




## હેતુઓ :

- વિદ્યાર્થીઓ ઘરે બેઠાં એનિમેશન વિડિયો દ્વારા વિદ્યાર્થીઓ અસરકારક અને રસપ્રદ રીતે શિક્ષણ મેળવે.
- વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા માટે અંગ્રેજી વિષયના અભ્યાસક્રમનું પુનરાવર્તન કરી શકે.
- વિદ્યાર્થીઓ ઓનલાઇન ગુગલ ક્વિઝ આપી તુરંત પરિણામ મેળવે.
- વિદ્યાર્થીઓ ઓનલાઇન ક્વિઝ આપી ત્વરિત ઇ-સર્ટિફિકેટ મળતાં પ્રોત્સાહિત થાય.
- કોવિડ-૧૯ની મહામારીમાં શાળાના કોઇપણ વિદ્યાર્થી ઓનલાઇન શિક્ષણની વંચિત ન રહે.
- વિદ્યાર્થીઓ પોતાની જાતે ઓનલાઇન યુ-ટ્યુબ વિડિયોના અભ્યાસ થકી બોર્ડ પરીક્ષા માટે તૈયાર થાય.

## કાર્ય પદ્ધતિ :

- કોવિડ-૧૯ મહામારીના કારણે શાળાના વિદ્યાર્થીઓને ઓનલાઇન માધ્યમથી જોડવાનું કાર્ય ખુબ જ અઘરું હતું. જેથી ફક્ત બ્લેકબોર્ડ શુટીંગ વિડિયો અથવા અન્ય ઓનલાઇન એપ્લિકેશનનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું કાર્ય વિદ્યાર્થીઓને વધારે અસરકારક થઇ શકે તેમ હતું નથી. વિદ્યાર્થીઓની સ્થાનિક પરિસ્થિતિને કારણે નક્કી કરેલા સમયે વિદ્યાર્થીઓ જોડાઇ શકતા ન હતા. આ સમસ્યાને ધ્યાનમાં લઇ વિદ્યાર્થીઓને એનિમેશન વિડિયોઝના માધ્યમથી અસરકારક શિક્ષણ મળી રહે તે માટે અને વિદ્યાર્થીઓ પોતાના અનુકળ સમયે કોઇપણ પ્રકારના પુસ્તક કે નોટબુક વગર ફક્ત વિડિયોઝના માધ્યમથી શિક્ષણ મેળવી શકે તે માટે સૌ-પ્રથમ મારી યુ-ટ્યુબ ચેનલ **FRAEDUCATION** શરૂ કરવામાં આવી. આ ચેનલમાં તા.૩૧-૧૨-૨૦૨૦ સુધીમાં ધોરણ-૯ થી ૧૧ના અંગ્રેજી વિષયના કુલ ૧૯૦ જેટલા એનિમેશન આધારિત વિડિયોઝ અપલોડ કરવામાં આવેલ છે. જેમાં વોટ્સએપ ગ્રુપના માધ્યમથી વિડિયોની લિંક, પી.ડી.એફ. મટીરીયલ્સ, હોમવર્ક અને મૂલ્યાંકન માટેની ઓનલાઇન ગુગલ ક્વિઝ મોકલવામાં આવે છે. જેમાં શાળા ૯૦% વિદ્યાર્થીઓ જોડાયા છે અને દરેક વિદ્યાર્થીઓને સરળતાથી આ પી.ડી.એફ. ફાઇલ, ઓનલાઇન ક્વિઝ લિંક તથા વિડિયો લિંક મળી રહે તે માટે ક્યુ.આર. કોડ આધારિત બુક તૈયાર કરી વિદ્યાર્થીઓને પહોંચાડવામાં આવેલ છે જે દ્વારા તેઓ ધોરણ-૧૦ના સમગ્ર અભ્યાસક્રમ ઘરે બેઠાં અભ્યાસ કરી શકે છે, જે આગામી વર્ષ-૨૦૨૧ ની બોર્ડની પરીક્ષા માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

## મૂલ્યાંકન :

- વિડિયો લિંકના આધારે ઓનલાઇન શિક્ષણ મેળવેલ વિદ્યાર્થીઓનું જ્ઞાન ચકાસવા માટે ૧૦૦ કરતાં પણ વધારે ઓનલાઇન ગુગલ ક્વિઝનું નિર્માણ.
- આ ક્વિઝ ધોરણ-૯ અને ધોરણ-૧૦ના અંગ્રેજી વિષયની, અંગ્રેજી વ્યાકરણ, સામાન્ય જ્ઞાન, ધોરણ-૧૦ સામાજિક વિજ્ઞાન જેવા વિષયો પર આધારિત છે.
- શાળામાં જે વિદ્યાર્થીઓ ક્વિઝમાં ભાગ લે છે તેઓને ક્યુ.આર.કોડ આધારિત ઇ-સર્ટિફિકેટ આપવામાં આવે છે જે સ્કેન કરવાથી વિદ્યાર્થીની બધી જ માહિતી પ્રાપ્ત થઇ શકે છે.

## પરિણામ :

- **FRAEDUCATION** શીર્ષકના માધ્યમથી અપલોડ કરેલ વિડિયોના ઉપયોગથી મારી શાળાના ૯૦% થી પણ વધારે વિદ્યાર્થીઓ આ ઓનલાઇન માધ્યમથી શિક્ષણ મેળવે છે.
- સમગ્ર ગુજરાતમાંથી **FRAEDUCATION** શીર્ષક અંતર્ગત તૈયાર કરવામાં આવેલ ક્વિઝ ૨૦,૦૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થીઓએ આપેલ છે. અને ઇ-સર્ટિફિકેટ મેળવેલ છે.
- સમગ્ર શિક્ષા - ગાંધીનગર આયોજિત ગુજરાત વર્ચ્યુઅલ શાળા વર્ગ અંતર્ગત યોજાયેલ ઓનલાઇન ક્વિઝમાં શાળાના ધોરણ-૯ અને ૧૦ ના કુલ ૦૮ વિદ્યાર્થીઓએ સમગ્ર ગુજરાતમાં ટોપ-૧૦ માં સ્થાન મેળવેલ.

**My Youtube Channel QR Code**

• ઈનોવેશનનું નામ : ઈ-જ્ઞાન ફેસીલીયેટર

• શિક્ષકનું નામ : કાપડિયા હર્ષદકુમાર લક્ષ્મણભાઈ
Mobile : 95860 09328
Email : kapadiya28@gmail.com

• શાળાનું નામ : શ્રી કુમાર પ્રાથમિક શાળા, જાંબુ, તા.લીંબડી, જિ.સુરેન્દ્રનગર



## હેતુઓ :

- કોવિડ-૧૯ મહામારીના કારણે ધોરણ ૬ થી ૮ ના બાળકો અંગ્રેજી વિષય પોતાના સમય અનુસાર અંગ્રેજી વિષયનો એકમવાઇઝ એક્ટીવીટીનો સરળતાથી વિડીયો થકી અભ્યાસ કરી શકે.
- ઘરે બેઠા વિડીયો જોઇ અંગ્રેજી, સ્પેલીંગ તૈયારી કરી શકે.
- અંગ્રેજી વાંચન અસરકારક રીતે કરી શકે તેમજ એકમને સમજી શકે.

## કાર્ય પદ્ધતિ :

- સૌ પ્રથમ કમ્પ્યુટર અથવા લેપટોપમાં પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશનથી ધોરણવાઇઝ એકમની એક્ટીવીટી સ્લાઇડ બનાવી.
- ત્યારબાદ સ્ક્રીન રેકોર્ડરનો ઉપયોગ કરી એક્ટીવીટી બાળકને પોતાના અવાજ સાથે વર્ડ ટુ વર્ડ સમજૂતી આપી.
- રિકોર્ડિંગ થઇ ગયા બાદ કાઇન માસ્ટર એપ દ્વારા વિડીયોમાંથી વધારાની ચીજો દૂર કરી વિડીયોનું રીઝોલ્યુશન સેટ કર્યું. ત્યારબાદ મારી યુ-ટ્યુબ ચેનલ જે બાળકો માટે બનાવી હતી તેના પર વિડીયો અપલોડ કરી વિડીયો લિંક બાળકો સુધી વોટ્સએપ ગ્રુપ થકી પહોંચાડી.
- બીજા દિવસે બાળકોના ઘરે જઇને દરેક બાળક તેમજ વાલી સાથે મુલાકાત કરી જાણ્યું કે બાળકો ખરેખર વિડીયો જોવે છે. તે માટે ગુગલ ફોર્મ પર પ્રશ્નોત્તરી બનાવી બાળકોની ટેસ્ટ લીધી હતી. તેમનું ગૃહકાર્ય પણ તપાસવામાં આવેલ.

## મૂલ્યાંકન :

- બાળકોને વિડીયોના આધારે પ્રશ્ન બનાવી મોકલવામાં આવે છે જેના પ્રશ્નોના જવાબ બાળક પોતાના ચોપડામાં લખે છે. દરેક એક્ટીવીટીને અનુરૂપ કસોટી બનાવી બાળકોની કસોટી લેવામાં આવે છે જેથી ખ્યાલ આવે કે બાળકો ખરેખર વિડીયો દ્વારા અભ્યાસ કરે છે કે નહીં.

## પરિણામ :

- શરૂઆતમાં બાળકોને વિર્ચ્યુઅલ ક્લાસ દ્વારા ભણાવવામાં મોબાઇલ, નેટવર્ક, વાલી ઘરે ન હોવા તેવી સમસ્યાને કારણે બાળકો બહાના કાઢી અભ્યાસ કરતા ન હતા. પરંતુ જ્યારથી બાળકોને યુ-ટ્યુબ વિડીયો લિંક બનાવી મોકલવામાં આવી ત્યારથી મારા ધોરણ ૬ થી ૮ ના ૮૫ બાળકોમાંથી ૫૦ જેટલાં બાળકો વિડીયો થકી અભ્યાસ કરે છે.
- વૈકલ્પિક પ્રશ્નોના જવાબ લખી શકે છે.
- એકમ કસોટીમાં ૧૫ થી વધુ બાળકો સારા ગુણ મેળવી શકેલ છે.




• ઈનોવેશનનું નામ : **મારા દેશની માહિતી મારા નકશામાં**

• શિક્ષકનું નામ : **સુરેશભાઈ ઘનશ્યામભાઈ સુતરીયા**

Mobile : 94292 13380

Email : sutariyasuresh.sp@gmail.com

• શાળાનું નામ : **શ્રી બજરંગપુરા પ્રાથમિક શાળા, તા.લખતર, જિ.સુરેન્દ્રનગર**


## સમસ્યા :

- ધોરણ ૬ થી ૮ ના બાળકો નકશાપૂર્તિમાં મુશ્કેલી અનુભવતા હતા.
- સામાજિક વિજ્ઞાન વિષયમાં ખૂબ જ ઓછો રસ ધરાવતા હતા.
- વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાનની ઊણપ જોવા મળી.

## હેતુઓ :

- વિદ્યાર્થીઓ ગુજરાત તથા ભારત વિશેની માહિતી પ્રાપ્ત કરી નકશાપૂર્તિ સાથે સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકે.
- વિદ્યાર્થીઓ નવરાશની પળોમાં જૂથકાર્ય કરી શકે.

## સાધન સામગ્રી :

- કાર્ડશીટ, માર્કર પેન, સ્કેચપેન, બેનર, હાર્ડબોર્ડની પટ્ટી, માપપટ્ટી, કટર

## કાર્ય પદ્ધતિ :

- સૌ પ્રથમ બેનર ઉપર ગુજરાત તેમજ ભારતનો નકશો દોરી તેમાં અલગ અલગ નંબર આપવામાં આવ્યા. જેમાં ગુજરાતના મુખ્ય મથકો, ખનીજો, ઉદ્યોગો, અભયારણ્ય, જોવાલાયક સ્થળો, ડુંગરો વગેરેની અલગ અલગ પ્રશ્નપેટી બનાવવામાં આવી. આ દરેક પ્રશ્નપેટીમાં હાર્ડબોર્ડમાંથી ૧''×૬'' ના માપની પટ્ટીઓ કટીંગ કરી જેમાં રંગીન કાગળ ઉપર પ્રશ્ન અને તેનો જવાબ લખી ફેવિલોકની મદદથી ચોટાંડવામાં આવ્યું. આ પ્રશ્નપેટીમાંથી વિદ્યાર્થીઓ કોઈપણ પ્રશ્નપટ્ટી ઉપાડી જેમાં લખેલ પ્રશ્ન અને તેનો જવાબ વાંચશે, અને જવાબનું કાર્ડ શોધી જવાબના કાર્ડની પાછળ નંબર આપવામાં આવેલ છે તે નંબર નકશામાં શોધી જણાવી શકશે. આ ઉપરાંત ભારતના નૃત્યો, અભયારણ્ય, જોવાલયક સ્થળો, ભાષાઓ, જળસંસાધનો, જાણવા જેવું રાજ્ય અને તેના પાટનગરો વગેરેની પણ અલગ અલગ પ્રશ્નપેટી તૈયાર કરવામાં આવી.

  દા.ત. કોઈ એક પ્રશ્નપેટીમાંથી પ્રશ્નપટ્ટી ઉપાડી જેમાં લખેલ પ્રશ્ન ''પંજાબી ભાષા ક્યા રાજ્યમાં બોલાય છે?'' તેના જવાબમાં લખેલ છે ''પંજાબ''. તો પંજાબ લખેલ કાર્ડ શોધી ભારતના નકશામાં પંજાબ ક્યાં આવેલું છે તે શોધવા માટે પંજાબ લખેલ કાર્ડની પાછળ નંબર લખેલ છે તે જ નંબર ભારતના નકશામાં સરળતાથી શોધી નકશાપૂર્તિ કરી શકે છે. આમ આ નવતર પ્રયોગની મદદથી વિદ્યાર્થીને રમતાં રમતાં આખા ભારત દેશની માહિતી યાદ રહી જાય છે.
- આ ઉપરાંત કાર્ડશીટની મદદથી ગુજરાતના તમામ જિલ્લા, મુખ્યમંત્રી, અભયારણ્ય, ભારતના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, ભારતના ક્રાંતિવીરો, ભારતની બહુહેતુક યોજના વગેરેની પઝલો પણ બનાવવામાં આવી.
- ઉદા. ભારતની નદીઓ, બંધો, અને તેના લાભાન્વિત રાજ્યોની પઝલમાં એક મેઈન શીટ બનાવવામાં આવી જેમાં નદીનું નામ અને તેના લાભાન્વિત રાજ્યો લખવામાં આવ્યા. બીજી છ શીટમાં જરૂરિયાત મુજબ અલગ અલગ ખાનાઓ કટરથી કાપવામાં આવ્યા અને આ પઝલનું નિર્માણ કરવામાં આવ્યું. આ પઝલનો ઉપયોગ કરવા માટે વિદ્યાર્થીઓએ સૌ પ્રથમ મેઈનશીટમાંથી કોઈ એક નદીનું નામ ધારી લેવું. ''નર્મદા નદી'' ધાર્યા બાદ બીજી છ શીટમાં નીચે અમુક નામ લખેલા છે તેમાંથી તમે ધારેલ નદીનું નામ બે કે ત્રણ શીટમાં હશે. તો આ બે કે ત્રણ શીટ મેઈનશીટ ઉપર મુકવી જેથી તમે ધારેલ નદીનું નામ ''નર્મદા'' બંધનું નામ ''સરદાર સરોવર'' અને લાભાન્વિત રાજ્યો ''ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર'' બતાવશે. આમ વિદ્યાર્થી ગમ્મત સાથે જ્ઞાન મેળવી શકે છે.

## મૂલ્યાંકન :

- પ્રશ્નોત્તરી દ્વારા લાભાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.
- ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરીને મૂલ્યાંકન કરવામાં આવ્યું.

## પરિણામ :

- નકશાપૂર્તિમાં ધાર્યું પરિણામ મળતું થયું.
- સામાજિક વિજ્ઞાન જેવા અઘરા વિષયમાં વિદ્યાર્થીઓના રસ અને રૂચિમાં વધારો જોવા મળ્યો.
- વિદ્યાર્થીઓમાં વિવિધ પઝલો દ્વારા સામાન્ય જ્ઞાનમાં વધારો થયો.
- ધોરણ-૬ થી ૮ માં આવતી વિષય સંલગ્ન અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરવામાં સફળતા મળી.



• ઈનોવેશનનું નામ : ''સલામતી સાથે શિક્ષણ અભિયાન''

• શિક્ષકનું નામ : દેવશીભાઈ કાનજીભાઈ રાતડીયા

Mobile : 99793 80529

Email : devshiratadiya@gmail.com

• શાળાનું નામ : શ્રી જેસડા પે. સે. શાળા, તા. ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગર.

## હેતુઓ :

- કોવિડ-૧૯ મહામારી અંતર્ગત સમગ્ર ગુજરાત રાજયમાં ૧૬ માર્ચ ૨૦૨૦થી તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય બંધ છે ત્યારે બાળકો શિક્ષણથી વિમુખ ના થાય તે માટે શાળાના ૩૦% બાળકોના વાલીઓ પાસે કોઇ પણ ડિજીટલ ઉપકરણ ઉપલબ્ધ નથી ત્યારે આવા બાળકોની શૈક્ષણિક પ્રગતિ ના રૂંધાય તે માટે દરેક બાળકની રૂબરૂ મુલાકાત લઇ તેઓને શૈક્ષણિક માર્ગદર્શન આપવામાં આવે છે. આ પ્રવૃત્તિમાં શ્રી જેસડા પે. સે. શાળાના ધોરણ ૧ થી ૮ ના તમામ બાળકોનો સમાવેશ થાય તેવો પુરતો પ્રયાસ કરવામાં આવેલ છે.

## કાર્ય પદ્ધતિ :

- આ માટે ધોરણ ૫ ના વર્ગ શિક્ષક શ્રી દેવશીભાઇ કાનજીભા રાતડીયા દ્વારા બાળકો અને વાલીઓ ઘરે રૂબરૂ મળે તેવા હેતુથી દરરોજ સાંજે ૬ થી ૮ ના સમયે તેમનો સંપર્ક કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત બાળકોને શૈક્ષણિક સાહિત્ય આપવું, દીક્ષા એપ્લીકેશનની સમજ આપવી, માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા વર્ચ્યુઅલ ક્લાસમાં જોડાવવું, ક્યુ.આર. કોડની સમજ અને દૂરદર્શન પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો બાળકો નિહાળે તે માટે સમજ આપવી અને કાર્યક્રમનું સમયપત્રક આપવું વગેરે જેવી અગત્યની પ્રવૃત્તિઓ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ધોરણ ૫ ના બાળકોના વાલીઓનું વોટ્સએપ ગ્રુપ બનાવી તેમાં દરોરજ શૈક્ષણિક માહિતી તથા લીંક મોકલવામાં આવે છે.
- તે ઉપરાંત કોવિડ -૧૯ અંતર્ગત બાળકોની સલામતી જળવાઇ રહે તે હેતુથી વર્ગના તમામ બાળકોને સારી ગુણવત્તાવાળું માસ્ક આપવામાં આવ્યું હતું અને સાથો સાથ દરેક બાળકને મદદરૂપ થવાના હેતુથી નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યથી બાળકો ખુબ આનંદિત થયા હતા.
- શ્રી જેસડા પે.સે. શાળા દ્વારા કોરાના વાઇરસ અંતર્ગત શરૂઆતના તબક્કે જ જન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું જેમાં ગામલોકોને ઘેર ઘેર જઇને કોરોનાના લક્ષણો અને સાવચેતીના પગલા વિશેની સમજ આપવામાં આવી હતી. તદુપરાંત જન જાગૃતિના પોસ્ટર સમગ્ર ગામમાં લગાવવામાં આવ્યા હતા. આ અભિયાનને સફળ બનાવવા શાળાના શિક્ષક શ્રી દેવશીભાઇ રાતડીયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. ઉપરાંત શાળાના આચાર્યશ્રી અલ્પેશભાઇ પટેલ, રમેશભાઇ પ્રજાપતિ, સમરતભાઇ ઠાકોર અને ગામના અનેક ઉત્સાહી યુવાનો આ કાર્યમાં જોડાયા હતા.

## મૂલ્યાંકન :

- આ અભિયાન અંતર્ગત વાલીઓ અને બાળકોના ફીડબેક લેવામાં આવ્યા હતા. જેમાં તેઓના દ્વારા સૂચવ્યું કે અમારા બાળકો શાળા બંધ હોવા છતાં નિયમિત રીતે ઘરે રહીને પણ અભ્યાસમાં રસ રૂચી દાખવે છે અને બાળકોને મુંઝવતા પ્રશ્નોનું નિયમિત માર્ગદર્શન મળી રહે છે.

## પરિણામ :

- કોવિડ-૧૯ મહામારી અંતર્ગત શાળાઓ બંધ હોવાના કારણે બાળકોની શિક્ષણ પ્રત્યેની સજાગતા ઓછી જોવા મળતી હતી. આ અભિયાનના માધ્યમથી વર્ગના ૯૦% બાળકોની શિક્ષણ પ્રત્યેની અભિરૂચિ જાળવવા સફળ રહ્યા હતા.
- મારા વર્ગના ૪૩ બાળકો પૈકી આ અભિયાનના માધ્યમથી વર્ગના ૯૦% બાળકોની શિક્ષણ પ્રત્યેની અભિરૂચિ જાળવવા સફળ રહ્યા હતા. તદુપરાંત ધોરણ ૧ થી ૮ ના શક્યતઃ તમામ બાળકોની રૂબરૂ મુલાકાત લઇ તેઓને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવાનો સનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

- **ઈનોવેશનનું નામ : લોકડાઉન સ્ટડી મટીરીયલ**
- **શિક્ષકનું નામ : મહેશભાઈ ધનસુખભાઈ ગોઠી**

Mobile : 99792 20014
Email : mdgothi81@gmail.com

- **શાળાનું નામ : શ્રી જસમતપુર પ્રા. શાળા, તા. ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગર.**



## હેતુઓ :

- વિદ્યાર્થીઓનું વિષયવસ્તુ સાથેનું જોડાણ રહે.
- વિદ્યાર્થીઓ સતત શિક્ષણ સાથે જોડાયેલા રહ્યા.
- શાળા અને ગ્રામજનોનું એચિવમેન્ટ વધતું રહે.

## કાર્ય પદ્ધતિ :

- કોવિડ-૧૯ મહામારીનાં કારણે બાળકો સ્કૂલે આવી શકતા ન હતા. આથી બાળકોનાં શિક્ષણ કાર્ય કચાસ અનુભવતા હતા. આથી બાળકો ઘરે બેઠા અભ્યાસ કાર્ય કરી શકે તે માટે શાળા તરફથી ટેક્નોલોજીનો ઉપયોગ કરી શિક્ષણકાર્ય ચાલું રાખ્યું.
- આધુનિક યુગમાં વોટ્સ-એપ ગ્રુપ દ્વારા બાળકોને અભ્યાસનું દ્રઢીકરણ અને મહાવરો માટે હોમ લર્નિંગ આપવાનું ચાલુ કરવામાં આવ્યું. પરંતુ સ્માર્ટફોન ન હોવાના કારણસર દરેક વિદ્યાર્થીને ન્યાય મળતો નહીં. આથી દરેક બાળકો અભ્યાસ કરી શકે તે માટે એક વાલી મિટિંગ બોલાવીને દરેક બાળકોને હાર્ડકોપી આપી.
- અભ્યાસક્રમ આગળ વધારવા માટે વાલી મિટિંગમાં ચર્ચા કરી. તેમાં ઝેરોક્ષ મશીન તેમજ કાગળ લાવી દરેક શિક્ષક મિત્રો દર અઠવાડિયાનું મટિરિયલ્સ તૈયાર કરી બાળકોને ઘરે ઘરે સ્ટીડ મટિરિયલ્સ પહોંચાડવામાં આવ્યું.
- આ ઝેરોક્ષ મશીન માટેનો લોકફાળો ૧૯૦ વાલીઓ દ્વારા રૂા. ૧૫૦૦૦/- (એકત્રી) નો આર્થિક સહયોગ શાળાને મળેલ.

## મૂલ્યાંકન :

- બાળકોને જે સ્ટડી મટીરીયલ્સ આપવામાં આવેલ તે બાળકો હોંશભેર હોમવર્ક કરતાં હતા.

## પરિણામ :

- ઓનલાઈન શિક્ષણનો વિકલ્પ મળ્યો.
- વિદ્યાર્થીઓનું વિષયવસ્તુ સાથે સતત જોડાયેલ રહ્યા.
- વાડી વિસ્તારના બાળકોનું શિક્ષણ સાથે જોડાયેલા રહ્યા.
- શિક્ષક-વાલી વચ્ચે નવા સેતુની રચના થઇ.
- વિદ્યાર્થીઓ મોબાઈલનો બિનજરૂરી ઉપયોગ કરતા બંધ થયા.



- **ઇનોવેશનનું નામ** : શાળા સંચાલન ઈ-સ્કૂલ એપ દ્વારા, શિક્ષકો માટે સ્કૂલ એસ.એમ.એસ. એપ અને શાળાના બાળકો માટે શ્રી જેપર પ્રા. શાળા નામની એપ દ્વારા શિક્ષણ


- **શિક્ષકનું નામ** : ભુસડીયા મહેશભાઈ ભગવાનભાઈ
  Mobile : 99792 76010
  Email : bhusadiyamahesh@gmail.com

- **શાળાનું નામ** : શ્રી જેપર પ્રાથમિક શાળા, તા.મુળી, જિ.સુરેન્દ્રનગર.


## હેતુઓ :

- શરૂઆતના સમયમાં અમે શાળા સંચાલનના માટે તેમજ બાળકોના અભ્યાસ તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિથી વાલીઓ પરિચિત બને તે આયોજન હતું. પરંતુ કોવિડ-૧૯ને કારણે લોકડાઉન જાહેર કરેલ. આવા સમયે શાળાઓ ચાલુ નહોતી પરંતુ છોકરાઓને ઘરે અભ્યાસ કરી શકે તે માટે શાળાની એપ શ્રી જેપર પ્રા. શાળા નામની એપમાં યુટ્યુબ લિંક મૂકવામાં આવી. જેના થકી ધોરણ ૧ થી ૮ ના દરેક બાળકો પોતાના મોબાઈલમાં પોતાની શાળાની એપમાં અભ્યાસ કરી શકે.

## કાર્ય પદ્ધતિ :

- ઇ-સ્કૂલ : આ એપમાં શાળાના આચાર્ય અથવા એપ બનાવનાર માટેની એપ છે.
- સ્કૂલ એસ.એમ.એસ. : આ એપ શાળાના શિક્ષકો ઉપયોગ કરી શકે છે.
- શ્રી જેપર પ્રા. શાળા શાળા : આ એપ શાળાના બાળકો માટેની એપ છે.

## મૂલ્યાંકન :

- અમારી શાળા શ્રી જેપર પ્રા. શાળામાં કુલ ૧૬૦ બાળકો અભ્યાસ કરે છે. આ દરેક બાળકોના વાલીઓના ફોનમાં શ્રી જેપર પ્રા. શાળા નામની એપ ઈન્સ્ટોલ કરવામાં આવી. લગભગ આ એપ શાળાના લગભગ ૧૨૦ થી વધુ વાલીઓના ફોનમાં ઈન્સ્ટોલ કરવામાં આવી. તેમજ એપ વિશે માહિતી આપવામાં આવી. અને બાળકોના યુઝર આઈડી અને પાસવર્ડ આપવામાં આવ્યા હતા.
- આ એપ દ્વારા વિડિયો એકમ વાઈસ તેમજ વિષય મુજબ કઈ રીતે ચાલુ કરવા તેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવતું હતું. આ ઉપરાંત ઇ-કૂલ એપ અને સ્કૂલ એસ.એમ.એસ. એપમાં કોલ નામનું ઓપ્સન જેની મદદથી શાળામાં ભણતા વાલીઓને ફોન કરી બાળકોના અભ્યાસ વિશેની માહિતી પ્રાપ્ત થતી હતી.

## પરિણામ :

- અમારી શાળાના બાળકોને આઇ.સી.ટી.ના માધ્યમ એટલે કે મોબાઈલ એપની મદદથી અભ્યાસ કરવાની તક મળતી હોવાથી કોઇ પણ સમયે અને પોતાની અનુકૂળતા મુજબ અભ્યાસ કરતા હતા. અમને ગામના વાલીઓના ખૂબ સાથ સહકાર મળ્યો હો.
- બાળકોને કોઈપણ અડચણ આવે તો તેનો ફોન દ્વારા કે રૂબરૂ મુલાકાત લઈ નિવારણ કરવામાં આવતું હતું. આમ બાળકો હોંશભેર અભ્યાસ મેળવતા હતા. બાળકો જાતે મોબાઈલની મદદથી એપના માધ્યમથી જાતે જ ઘરે બેઠા શિક્ષણ મેળવતા હોવાથી તેઓને આ એપ ખુબ જ પસંદ આવતી હતી. એટલે અમારી શાળાના ૧૨૦ જેટલા બાળકો આ એપ દ્વારા જ શિક્ષણ મેળવવામાં આનંદ અનુભવતા હતા.

• ઈનોવેશનનું નામ : સ્પેલિંગ કાર્ડથી શબ્દ ભંડોળ વિકસાવવું

• શિક્ષકનું નામ : કનુજી કેશાજી ઠાકોર (કનકસિંહ)

Mobile : 97375 73683

Email : kanaksinhthakor1983@gmail.com

• શાળાનું નામ : શ્રી છત્રોટ પ્રાથમિક શાળા, તા.પાટડી, જિ.સુરેન્દ્રનગર.




## હેતુઓ :

- બાળકો અંગ્રેજી ભાષા તેમજ અન્ય ભાષામાં રમતા-રમતા શીખે.
- સ્પેલિંગ કાર્ડથી બીજી ભાષાનાં શબ્દ-ભંડોળનો વિકાસ થાય.

## કાર્ય પદ્ધતિ :

- કોરોના મહામારીમાં ૫૦૦૦ જેટલા અંગ્રેજી સ્પેલિંગોનાં કાર્ડ બનાવી ધોરણ ૬, ૭, ૮ નાં બાળકોને ઘેર ઘેર જઇને કાર્ડ આપ્યાં.
- એક બાળકને ૧૫ કાર્ડ આપ્યાં. બાળકો કાર્ડમાં લખેલ સ્પેલિંગ લખે અને તૈયાર કરે.
- જેમ કે Bat - ball, box, are, ant, toy, tall, બળદ, બાજ, बैल, बैगन - આમ બાળકો ચાર ભાષાના શબ્દો લખે અને તૈયાર કરે.
- બાળકો પુસ્તકો વાંચતા થયા.

## મૂલ્યાંકન :

- બાળકો ઘરે બેઠા નવરાશની પળોમાં શબ્દો લખ્યાં અને ચાર ભાષાનાં શબ્દોનું ભંડોળ વિકસ્યું.

## પરિણામ :

- બાળકોને નવરાશની પળોનો સદુપયોગ કર્યો.
- અંગ્રેજી સ્પેલિંગો આવડ્યા, ચાર ભાષાનાં શબ્દો શીખ્યા અને જાણતા થયા.

| | | | | |
|---|---|---|---|---|
| Bat<br>Box | Ball<br>Axe | Ant<br>Tall | Toy | અંગ્રેજી શબ્દો |
| બગલો | એરણ | ટેબલ | | હિન્દી શબ્દો |
| बैगल<br>बबूल | ऐसा<br>अनुराग | तितली<br>तालाब | | સંસ્કૃત શબ્દો |




- ઈનોવેશનનું નામ : બોલતી દિવાલો દ્વારા રસપ્રદ શિક્ષણ
- શિક્ષકનું નામ : પટેલ જાગૃતિબેન લક્ષ્મણભાઈ
  Mobile : 94285 52841
  Email : _krunal.patel1281080@gmail.com
- શાળાનું નામ : શ્રી ચાંદ્રેલીયા પ્રાથમિક શાળા, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર.


## હેતુઓ :

- વાંચન, લેખન અને ગણન કૌશલ્યનું દ્રઢીકરણ થાય છે.
- બાળકો જાતે શીખતા થાય છે.

## કાર્ય પદ્ધતિ :

- ધોરણ-૧ અને ધોરણ-૨ ના પ્રજ્ઞા અભિગમ અંતર્ગત વર્ગખંડમાં જ્યારે બાળકોને વાંચન, લેખન અને ગણનના કૌશલ્યને સિધ્ધ કરવા માટે આપણે વર્ગખંડમાં બાળકોને હંમેશા તેમની નજર સમક્ષ અધ્યયન સામગ્રી રહે તેવી સામગ્રી રાખવી જોઇએ.
- બોલતી દિવાલો દ્વારા બાળકોના નજર સમક્ષ સતત વિવિધ અધ્યયન સામગ્રી રહે છે.
- બાળકો મનગમતા ચિત્રોમાં પોતાને ગમે એવલા ટી.એલ.એમ. જોઇ અને જાતે વાંચે, લખે અને ગણે છે.
- અને બાળકોમાં વાંચન, લેખન અને ગણન કૌશલ્યનો ખુબ જ વિકાસ થાય છે.

## મૂલ્યાંકન :

- ધોરણ-૧ અને ધોરણ-૨ માં બાળકો માટે વાંચન, લેખન અને ગણન કૌશલ્ય ખૂબ જ મહત્વનું છે.
- આ ઈનોવેશનથી બાળકોમાં આ કૌશલ્યનો ખૂબ જ વિકાસ થાય છે.

## પરિણામ :

- ધોરણ-૧ અને ધોરણ-૨ ના ૯૦ થી ૯૫ ટકા જેટલા બાળકો વાંચન, લેખન અને ગણન કૌશલ્યમાં પારંગત બે છે.
- બાળકો જાતે શીખતા થાય છે અને એકબીજાને શીખવતા થાય છે.



• ઇનોવેશનનું નામ : **કોરોનાને માત, શિક્ષણને સાથ**

• શિક્ષકનું નામ : **ગોહેલ દિપ્તિબહેન મહેન્દ્રભાઈ**

Mobile : 97374 31813
Email : diptigadani84@gmail.com

• શાળાનું નામ : **શ્રી સરોડી પ્રાથમિક શાળા, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- બાળકોને શિક્ષણ સાથે સતત જોડી રાખવા
- કોરોનાની મહામારી વિશે જાગૃત કરવા
- બાળકોને આનંદદાયી શિક્ષણ પુરૂં પાડવું.

## કાર્ય પદ્ધતિ :

- અગાઉથી જ વર્ષ પહેલા દરેક વિદ્યાર્થીઓનું વોટ્સએપ ગ્રુપ હતું તે મારા માટે વરદાનરૂપ સાબિત થયું.
- જેને સાદો ફોન છે તેમને કોલિંગ ફોનથી ભણાવવાનું અને ફોલોપ લેવાનું.
- જેને એક પણ ઉપકરણ નથી તેમના ઘરે ઘરે ફરી ઘર એ જ વર્ગ.
- સાથે કોરોનાની જાગૃતિ માટે જાતે ૫૦૦ નંગ જેટલા માસ્ક બનાવી વિતરણ કર્યું.
- બાળકો ઘરમાં જ રહે તે માટે લોકડાઉન એક્ટીવીટીનું આયોજન કર્યું.
- દિન વિશેષની ઉજવણી જેમ કે વિશ્વ યોગ દિવસ, ગણેશ ચતુર્થી, પ્રકૃતિ વંદના, જન્માષ્ટમી, પર્યાવરણ દિવસ, શિક્ષક દિન વગેરે
- નવા સત્રથી વર્ચ્યુઅલ ક્લાસથી શિક્ષણ જેમાં સ્માર્ટ બોર્ડ અને ટી.એલ.એમ.નો ઉપયોગ.
- બાળકોને આનંદદાયી શિક્ષણ મળી રહે તે ાટે જોયફુલ સંડે અંતર્ગત વિવિધ લાઇફસ્કીલની પ્રવૃત્તિ કરાવવી તેમજ વિવિધ મહાનુભાવો અને અધિકારીઓને જોડવા જેથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન મળી રહે.
- વર્ચ્યુઅલ ક્લાસમાં શૈક્ષણિક પ્રવાસ કાંકરીયા ઝૂની મુલાકાત.
- શાળાની યુ-ટ્યુબ ચેનલની શરૂઆત.
- શાળામાં જ વિડીયો બનાવી વોટ્સએપ ગ્રુપમાં મુકવા
- જિલ્લા શિક્ષણ સમિતિ અને ડાયેટી શૈક્ષણિક ચેનલમાં પાઠ આપવા.

## મૂલ્યાંકન :

- દરેક વિદ્યાર્થીઓનું કોલીંગ દ્વારા ફોલોપ લેવું.
- ગુગલ ફોર્મ દ્વારા દરેક એકમની કસોટી લેવી.
- વિદ્યાર્થીના ઘરે જઇને પણ તેણે કરેલ કાર્યની નોંધ લેવી.
- વિદ્યાર્થીના લીધેલ ફોલોપની એકમવાઇઝ નોંધ રાખવી.

## પરિણામ :

- બાળકો શિક્ષણ સાથે સતત જોડાયેલા રહ્યા.
- ઘરે શીખીએ અને એકમ કસોટીનું કાર્ય ૧૦૦% પૂર્ણ થયું.
- દરેક વિદ્યાર્થી દીક્ષા એપનો ઉપયોગ કરતા થયા.
- કોરોનાની જાગૃતિ પણ આવી.
- શિક્ષણ સાથે લાઇંગ સ્કીલની પ્રવૃત્તિ અને મુલ્યલક્ષી શિક્ષણ મળ્યું.
- ચાલુ શાળાએ જે પરિણામ મળે તે જ પરિણામ મળ્યું.



- **ઈનોવેશનનું નામ : ટેક્નોલોજીના સથવારે**
- **શિક્ષકનું નામ : વર્મા હિતેન્દ્રકુમાર રેવાભાઈ**

Mobile : 97260 88341
Email : hvarma2019@gmail.com

- **શાળાનું નામ : શ્રી ચાણપા પ્રાથમિક શાળા, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- વિદ્યાર્થીઓ ઘરે બેઠા ઓનલાઇન શિક્ષણ મેળવી શકે.
- ચિત્રો સાથેના વિડિયોથી એક્ટિવિટી સરળતાથી સમજી શકે.
- વિદ્યાર્થીઓ સરળતાથી વિડિયો જોઈને યુનિટ સમજી શકે છે.
- વિદ્યાર્થીઓ ઓનલાઇન ક્વિઝ આપી પોતાના જ્ઞાનની ચકાસણી કરી શકે.

## કાર્ય પદ્ધતિ :

- વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાથી ખુબ જ ડર અનુભવતા હતા. એવામાં કોવિડ-૧૯ મહામારીને કારણે વિદ્યાર્થીઓ શાળામાં આવી શકતા ન હતા. આથી અંગ્રેજી ભાષા પ્રત્યેની રૂચિ વધે તે માટે મે યુ-ટ્યુબ ચેનલ બનાવી. આ ચેનલનું નામ છે ઈ જ્ઞાન મેન્ટોર. આ ચેનલના માધ્યમથી બાળકોને ચિત્રો દ્વારા તેઓ સરળતાથી કોઈપણ ટોપીક સમજી શકે એવી રીતે દરેક યુનિટની એક્ટીવીટીને રજૂ કરવામાં આવી છે.
- દરેક એક્ટિવિટીમાં અઘરા શબ્દોની પણ વિસ્તૃત સમજણ આપવામાં આવી છે.
- જેથી બાળકો આનંદ સાથે કોઈપણ ટોપીક સરળતાથી સમજી શકે છે.
- આ પ્રયોગમાં ધોરણ ૬ થી ૮ ના બાળકોને પસંદ કરવામાં આવેલ છે. જેમની કુલ સંખ્યા ૫૦ થી ૫૫ છે.
- વિદ્યાર્થીઓ આ ચેનલના માધ્યમથી કોઈપણ ટોપીક પોતાની જાતે સરળતાથી શીખી શકે છે તથા સમજી શકે છે.
- આ પ્ર ?ઓગમાં ધોરણ ૬ થી ૮ તમામ બાળકો સામેલ થયેલ હતા. આ ચેનલના માધ્યમથી બાળકોમાં અંગ્રેજી ભાષા પ્રત્યેનો ડર પણ દૂર થયેલ છે. તેઓ સરળતાથી શબ્દો પણ શીખી શકે છે તથા સમજીને તૈયારી પણ કરી શકે છે. ચિત્રો દ્વારા બનાવેલ એક્ટીવીટીને કારણે બાળકો સરળતાથી દરેક એક્ટિવીટી સમજી શકે છે તથા યાદ રાખી શકે છે.

## મૂલ્યાંકન :

- વિદ્યાર્થીઓ આ ચેનલનાં માધ્યમથી સરળતાથી અંગ્રેજી ભાષા શીખી શકે છે.
- વિદ્યાર્થીઓ અઘરા શબ્દોના ઉચ્ચારણ અને અર્થને પણ સમજી શકે છે.
- વિદ્યાર્થીઓ ચિત્રોના માધ્યમથી સરળતાથી એક્ટિવીટીને યાદ રાખી શકે છે.

## પરિણામ :

- વિદ્યાર્થીઓ વધુમાં વધુ ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં થયા છે.
- આ ચેનલનાં માધ્યમથી અંગ્રેજી ભાષા પ્રત્યે રસ અને રૂચિ કેળવી શખ્યા છે.
- દરેક એક્ટિવીટીને સરળતાથી યાદ રાખી શકે છે અને સમજી શકે છે.
- દરેક વિદ્યાર્થીઓ ઓનલાઇન ક્વિઝ પણ આપતા થયા છે.
- દરેક વિદ્યાર્થીઓ પોતાની જાતે મૂલ્યાંકન કરતાં થયા છે.

**Youtube channel link :** https://www.youtube.com/c/egyanmentor

• ઈનોવેશનનું નામ : મનુષ્યમાં પાચન

• શિક્ષકનું નામ : પાવાગઢી અર્વિંદભાઈ સી.

Mobile : 95862 29489

Email : arvindbhai@hotmail.com


• શાળાનું નામ : શ્રીમતી એમ.ટી.દોશી સાર્વજનિક હાઈસ્કૂલ લાખુ પોળ, વઢવાણ, તા.વઢવાણ.




## હેતુઓ :

- દરેક વ્યક્તિ પોતાના શરીરની પાચનશક્તિ સમજે.
- દરેક વ્યક્તિ પાચન શક્તિમાં સુધારો કરવા પ્રયત્ન કરે.
- દરેક વ્યક્તિ પોતાના પાચન અંગિકાઓ વિશે સમજ કેળવે.
- દરેક વ્યક્તિ પોતાના શરીરની વર્ક આઉટ ક્રિયા સમજે.
- દરેક વ્યક્તિ બેઠાડુ જીવનથી થતા ગેરફાયદા સમજે.

## કાર્ય પદ્ધતિ :




https://youtu.be/E9x60UkpxrM
http://www.bodhaguru.com/watch

- દરેક વ્યક્તિ પોતાની કાર્ય કરવાની પ્રણાલીને આધારે પાચન શક્તિમાં ફેરફાર કરી શકે છે.
- બાજુમાં મનુષ્યના પાચનતંત્રની આકૃતિ દર્શાવેલ છે.
- બાજુમાં દર્શાવેલ આકૃતિને આધારે પાચન તંત્રની અંગિકાઓ (૧) મોં (મુખ), (૨) અન્ન નળી, (૩) જઠરાગ્નિ (જઠર), (૪) નાનું આંતરડું, (૫) મોટું આંતરડું, (૬) મોટું આંતરડું, (૬) મળાશય, (૭) મળદ્વાર.
- બેઠાડું જીવનમાં મનુષ્ય શરીરમાં ઘણી સમસ્યાઓ જોવા મળે છે, જેમ કે જાડાપણું, પાચન ક્રિયામાં નબળાઇ વગેરે... વગેરે સમસ્યાઓ જોવા મળે છે. ફક્ત ઓફિસ કાર્ય, દુકાનદાર, વગેરે...
- સતત કાર્ય (વર્ક) કરનાર વ્યક્તિના શરીરની પાચનશક્તિ સારી ખૂબ જ સારી હોય છે, આવા વ્યક્તિના શરીરમાં જાડાપણું જોવા મળતું નથી. અર્થાત ચરબી લગભગ નહિવત જોવા મળે છે. આવા વ્યક્તિ પાચન શક્તિ ઉપરાંત શરીરના લોહીની સારી ભ્રમણ કર્યા તેમજ શરીરમાં કોઇ પણ કાર્ય પછી  થકાવટ સમસ્યાઓ જોવા મળતી નથી. ખેતી અને પશુપાલન કામ કરનાર તેમજ અન્ય મજુરી કરનાર વ્યક્તિના શરીરમાં ચરબી, લોહીના ભ્રમણ જેવી સમસ્યાઓ જોવા મળતી નથી.





## મૂલ્યાંકન :

- કોવીડ-૧૯ વેક્સીન ટ્રાયલ માટેના સર્વે દરમિયાન વર્કર એટલે કે મજૂરી તેમજ ખેતી અને પશુપાલન કામ કરનાર વ્યક્તિમાં સ્ટેમીના સારી જોવા મળી, આ વ્યક્તિઓમાં રોગોનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

## પરિણામ :

- કોવીડ-૧૯ના રોગ સામે બચાવ માટે પાચન શક્તિમાં સુધારો કરવા પ્રયત્ન કરવો અને શરીરની ઇમ્યુનીટી વધારે રાખવા શરીરને સતત કાર્યરત રાખવા પ્રયત્ન કરવો જોઇએ.

• ઈનોવેશનનું નામ : ગણિત અધ્યયન નિષ્પત્તિ મહાવરાપોથી

• શિક્ષકનું નામ : રિતેશભાઈ કિરીટભાઈ વાઘેલા

Mobile : 97234 35646

Email : vaghelaritesh812@gmail.com

• શાળાનું નામ : શ્રી પ્રા. શાળા નં.૧, લીંબડી, તા.લીંબડી, જિ.સુરેન્દ્રનગર.




## હેતુઓ :

- ગણિત શિક્ષણ કાર્ય વધુ સરળ અને અસરકારક બને.
- અધ્યયન નિષ્પત્તિ આધારિત લેખન સામગ્રી નિર્માણ.
- ધોરણ-૩ થી ૫ ના ગણિતના પા. પુ. માટે સ્વનિર્મિત પૂરક સાહિત્ય દ્વારા અસરકારક ગણિત શિક્ષણ.

## સાધન-સામગ્રી :

- જી.સી.ઇ.આર.ટી. ના અગાઉના તાલીમ મોડ્યૂલ્સ, પાઠ્ય-પુસ્તક, શિક્ષક નિદર્શિની, જુના પ્રશ્નપત્રો, વગેરે.

## કાર્ય પદ્ધતિ :

- કોવિડ-૧૯ની મહામારીના સમયમાં વિદ્યાર્થીઓના શિક્ષણ માટે શિક્ષણ વિભાગ તરફથી ઘણા પ્રયત્નો થાય છે. આમ છતા છેવાડાના મજુરિયાત વર્ગના બાળકો સુધી વધુ સારી રીતે શીખે તે માટે સરકારી શાળામાં અભ્યાસ કરતા બાળકોના પ્રથમસત્રના ગણિત શિક્ષણકાર્ય પછી જરૂરી દ્રઢીકરણ અને નિદાન માટે અન્ય પૂરક સાહિત્યનો અભાવ હોવાથી ગણિતના મહાવરા માટે ગૃહકાર્ય આપવામાં મુશ્કેલી પડતી અને બાળકોને અ.નિ. આધારિત દાખલાઓ મળતા નહી હોવાથી એકમ કસોટી વખતે પણ મુશ્કેલી પડતી.

## નવતર પ્રયોગની વિગત :

- વિદ્યાર્થીઓ ગણિત વધુ સરળતાથી અને ગુણવત્તાયક્ત શીખી શકે તથા શિક્ષક પણ વધુ અસરકારક રીતે શીખવી શકે તે માટે ગણિતને લગતા જી.સી.ઇ.આર.ટી. ના અગાઉના મોડ્યુઅલ્સ, પાઠ્ય-પુસ્તક, શિક્ષકનિદર્શિની તથા અન્ય સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરી ધોરણ-૩ થી ૫ ની પાયાની અધ્યયન નિષ્પત્તિઓ નક્કી કરી. ત્યારબાદ પા. પુ. ના મૂદ્દાઓના આધારે ‘‘ગણિત અધ્યન નિષ્પત્તિ મહાવરાપોથી’’ નિર્માણ કરી. આ ‘‘ગણિત અધ્યન નિષ્પત્તિ મહાવરાપોથી’’ શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૩ થી ૫ ના બાળકોને ઘેર પહોંચાડવામાં આવી. ગણિતના પા. પુ. ના શિક્ષણકાર્ય સાથે આ ‘‘ગણિત અધ્યયન નિષ્પત્તિ મહાવારાપોથી ‘‘ના પૂરક સિક્ષણકાર્યથી બાળકોને ગણિતની સમજ વધુ દ્રઢ બને તે માટે માઇક્રોસોફ્ટ ટીમ્સના વર્ચ્યુઅલ ક્લા વખતે અને રૂબરૂ ઘેર સંપર્ક વખતે માર્ગદર્શન આપી કાર્ય કરાવ્યું.

## મૂલ્યાંકન અને પરિણામ :

- ‘‘ગણિત અધ્યયન નિષ્પત્તિ મહાવરાપોથી’’ના ઉપયોગને કારણે બાળકોને ગણિત માટે એક સ્વાધ્યાયપોથી જેવુ પૂરક સાહિત્ય મળતા તેઓનો ગણનનો મહાવરો વધ્યો અને શિક્ષકને પણ ગ્રુહકાર્ય આપવામાં અને અ.નિ. નું દ્રઢીકરણ કરાવવામાં સરળતા રહી. બાળકોને એકમ કસોટી માટે પણ વધારાનો અભ્યાસ મળતા સરેરાશ ગુણમાં વધારો થતો જણાયો.



• ઈનોવેશનનું નામ : **શાળા બંધ છે પણ શિક્ષણ નહીં.**
વર્ચ્યુઅલ ક્લાસથી ધોરણ ૧/૨ના બાળકોને હોમ લર્નિંગની પ્રવૃત્તિ કરી શિક્ષણ આપે છે.

• શિક્ષકનું નામ : **નાનજીભાઈ ચતુરભાઈ ભુસડિયા**
Mobile : 98797 40990
Email : bhusadiyananjibhai@gmail.com

• શાળાનું નામ : **શ્રી પે. સેન્ટર પ્રાથમિક શાળા, દાણાવાડા, તા.મુળી, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- કોવીડ-૧૯ મહામારીના સમયમાં બાળકો શિક્ષણથી વંચિત ન રહે.
- વર્ગના દરેક બાળકોને શિક્ષણનો લાભ મળે.
- બાળકોની શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થાય.
- વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા દરેક બાળકો હોમ લર્નિંગની પૃત્તિ કરી શિક્ષણ મેળવે.
- ઉપકરણો દ્વારા ઘેર બેઠા બાળકો શિક્ષણ મેળવે.

## કાર્ય પદ્ધતિ :

- શાળાના શરૂઆતના સમયમાં સરકારશ્રી તરફથી લોકડાઉન જાહેર કરેલ. આવા સમયે શાળાઓ ચાલુ હતી, પણ બાળકો શાળાએ આવી શકે તેમ ન હતા અને તે પણ પ્રથમ ધોરણમાં પ્રવેશ મેળવેલ બાળકો જે કદી શાળાએ આવેલ નથી. તેવા બાળકોને શિક્ષણ આપવાની મોટી મુંઝવણ હતી. વળી સરકાર તરફથી શરૂઆતના સમયમાં ધોરણ ૧ માટેનું કોઈપણ પ્રકારનું સાહિત્ય મળેલ ન હતુ, તેવા સમયમાં ધોરણ ૧ ના બાળકોનું નામાંકન કર્યા બાદ મોબાઈલ દ્વારા તથા રૂબરૂ મુલાકાત દ્વારા બાળકો તથા વાલીનો સંપર્ક કરવામાં આવ્યો.
- શરૂઆતના સમયમાં બાળકોનું વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવ્યું તેના દ્વારા બાળકોની કક્ષા મુજબનું ગુજરાતી તથા ગણિતનું સાહિત્ય મુકવામાં આવ્યું. ત્યારબાદ દરેક બાળકોના ઘરે ઓનલાઇન શિક્ષણ માટે ક્યા-ક્યા ઉપકરણો છે તેની યાદી બનાવવામાં આવી, ત્યારબાદ જે વાલી પાસે એન્ડ્રોઇડ મોબાઇલ છે તે વાલીના મોબાઇલમાં ટીમ્સ એપ્લીકેશન ડાઉનલોડ કરી આપી અને તે દ્વારા નિયમિત રીતે ધોરણ ૧ના ગૃપમાં લિંક બનાવીને મૂકવામાં આવી, ત્યારબાદ તે વાલી લિંક દ્વારા ટીમ્સ એપ્લીકેશનમાં ગુજરાતી, ગણિત, ઘરે શીખીએ પ્રવૃત્તિ, હોમ લર્નિંગ બૂક અને સ્વાધ્યાય પોથીનો ક્રમ અનુસાર અભ્યાસ કરી શકે તે માટે જોડવામાં આવ્યા અને પ્રવૃત્તિ કરાવવામાં આવી. ઘરે શીખીએ અંક જુન-૧, જુલાઈ-૨, અને ઓગસ્ટ-૩ અંકો બાળકો સુધી પહોંચાડવામાં આવ્યા અને તે અંકોની પ્રવૃત્તિઓ સરળ રીતે સમજી શકે તે માટે વોટ્સએપ ગ્રુપમાં તેના વિડિયો મુકવામાં આવ્યા. અંક ઉપર આપેલા ક્યુ.આર. કોડ સ્કેન કરી શકે તે માટે વાલીના મોબાઈલમાં ક્યુ.આર.કોડ સ્કેન કરવાની માહિતી આપી. અને કોડ સ્કેન કરી આપવામાં આવ્યા અને તેના દ્વારા વાલી પોતાના બાળકો ઘરે શીખીએ અંકની પ્રવૃત્તિઓ કરી શકે તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા.
- બાળકો ટી.વી. પર ડી.ડી. ગિરનાર ચેનલ દ્વારા હોમ લર્નિંગ પ્રસારણ જોઇ શકે તે માટે વોટ્સએપ ગ્રુપમાં સમય પત્રક પણ મુકવામાં આવ્યું. ધોરણ ૧ માં ૦૪:૩૦ થી ૦૫:૦૦ કલાકે વાલીઓ પોતાના બાળકોને આ કાર્યક્રમ નિયમિત રીતે બતાવે તે માટે જાણ કરવામાં આવી અને તેમા કઇ-કઇ પ્રવૃત્તિઓ હતી, અને આ પ્રવૃત્તિઓ કઇ રીતે કરવી તે બાળકોને પુછવામાં આવ્યું. અને જે બાળકોને ન સમજાય તે સરળતાથી સમજી શકે તેવી રીતે સમજાવવામાં આવ્યું.
- જે બાળકો ટી.વી. પર ડી.ડી. ગિરનાર ચેનલમાં પ્રસારીત થતો કાર્યક્રમ નિહાળી શક્યા નથી તેવા બાળકોના વાલી પાસે એન્ડ્રોઇડ મોબાઇલ હોય તો તેમાં દિક્ષા એપ્લીકેશન ડાઉનલોડ કરાવીને તે કાર્યક્રમ પોતાના ઘરે પોતાના બાળકોને મોબાઇલ દ્વારા બતાવી શકે તે માટેના પ્રયત્ન કરવામાં આવ્યા.

## મૂલ્યાંકન :

- બાળકોને આપવામાં આવેલા હોમ લર્નિંગ પુસ્તિકા, જુની સ્વાધ્યાય પોથી, ઘરે શીખીએ અંક જુન, જુલાઇ, ઓગસ્ટ તથા શિક્ષણ વિભાગની સુચના બાદ આ વર્ષની નવી સ્વાધ્યાય પોથીના વિતરણ બાદ તેમા બાળકો દ્વારા લેખન, રંગ પૂરણી, મુળાક્ષર વાંચન અને લેખન તથા અન્ય પ્રવૃત્તિઓ તપાસવામાં આવી અને મોબાઇલ દ્વારા ટીમ્સ એપ્લીકેશન દ્વારા બાળકો સાથે સીધી વાત કરવામાં આવી અને મોબાઇલ દ્વારા માહિતી પુછવામાં આવી તથા રૂબરૂ મુલાકાત કરવામાં આવી અને તે દ્વારા બાળકોનું મુલ્યાંકન કરવામાં આવ્યું.

## પરિણામ :

- ધોરણ ૧ ના કુલ ૩૧ વિદ્યાર્થીઓ પૈકી ૨૫ વિદ્યાર્થીઓના વાલીઓ પાસે સ્માર્ટફોન છે તે પૈકી ૭ વિદ્યાર્થીઓ ઓનલાઇન વર્ચ્યુઅલ ક્લાસરૂપમમાં જોડાય છે.
- જયારે અન્ય વિદ્યાર્થીના વાલી મજુરી કામ અર્થે બહાર જતા હોવાથી તે ઓનલાઇન ક્લાસમાં જોડાઇ શકતા નથી. આ વાલી વિદ્યાર્થીને પોતાના અનુકૂળ સમયે યુ-ટ્યુબ અને વોટ્સએપમાં મોકલાવેલ માહિતિના વિડીયો બતાવી અને શીખવે છે.
- તેમજ સ્વાધ્યાયપોથી, ઘરે શીખીએ બુક તેમજ હોમ લર્નિંગ પુસ્તિકાની મદદથી પોતાના બાળકોને અભ્યાસ કરાવે છે.
- દરેક બાળક રસપૂર્વક મોબાઇલ તથા ઠી.વી.ની ડી.ડી.ગિરનાર ચેનલની મદદથી તથા આપેલા સંદર્ભ સાહિત્ય દ્વારા શિક્ષણ મેળવી રહ્યા છે.
- વાલીનો સહકાર પણ એકંદરે સારો જોવા મળેલ છે.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તામાં પણ સારો એવો સુધારો થયેલો જોવા મળેલ છે.



• ઈનોવેશનનું નામ : My Innovation

• શિક્ષકનું નામ : નવજ્યોત એલ. શેખ
Mobile : 87808 21851
Email : navjyot.shekh@gmail.com
• શાળાનું નામ : શ્રી ભડિયાદ સરકારી મા. શાળા, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર.

## હેતુઓ :

- વિદ્યાર્થીઓને તત્વના નામ તથા પરમાણુક્રમાંક ક્રમસર યાદ રાખતા શીખવવા.

## કાર્ય પદ્ધતિ :

- મારી શાળામાં ધોરણ-૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓને તત્વોના નામ અને પરમાણુક્રમાંક ક્રમસર યાદ રાખવામાં પડતી તકલીફના નિવારણ માટે એક યુક્તિ વિચારવામાં આવી.
- તેમાં વિદ્યાર્થીઓને ૧ થી ૩૦ તત્ત્વોને ક્રમસર યાદ રાખવા માટે, તત્ત્વોના ૧ થી ૧૦, ૧૧ થી ૨૦ તથા ૨૧ થી ૩૦ એમ ત્રણ ભાગ પાડવામાં આવ્યા.
- તેમાં પણ ૧ થી ૧૦ તત્ત્વોના નામ પ્રથમ અક્ષરો ભેગા કરીને એક સૂત્ર બનાવવામાં આવ્યું. જેમ કે : હા, હિ, લિ, બે, બો, કા, ના, ઓ, ફ્લો, નિ.
- એવી જ રીતે ૧૧ થી ૨૦ નંબરના તત્ત્વોનું સૂત્ર સો, મે, એસિ, ફો, સ, ક્લો, આ, પો, કે તથા
- ૨૧ થી ૩૦ નંબરના તત્ત્વોનું સુત્ર સ્કે, ટિ, વે, ક્રો, મેં, આ, કો, નિ, કો, ઝિં. બનાવવામાં આવ્યું.
- આમ ૩૦ તત્ત્વોના ત્રણ સૂત્રો બનાવીને વિદ્યાર્થીઓને રોજ લખઈને તૈયાર કરવાનું શીખવવામાં આવ્યું. જે ખૂબ જ ઉપયોગી રહ્યું.
- આ ઉપરાંત વર્ગમાં આવર્ત કોષ્ટકની શીટ પણ બનાવીને લગાવવામાં આવી.

## મૂલ્યાંકન :

- વિદ્યાર્થીઓને તત્ત્વોના નામ તથા પરમાણું ક્રમાંક યાદ રહે છે કે નહિં તે ચકાસવા માટે મૌખિક ટેસ્ટ લેવામાં આવી.
- વિદ્યાર્થીઓને રોજ તત્ત્વોના નામ તથા પરમાણું ક્રમાંક મોઢે લખાવવામાં આવ્યા.
- વિદ્યાર્થીનિ યાદ રહેવા લાગ્યા તેમના ઉત્સાહમાં વધારો થયો.

## પરિણામ :

- વિદ્યાર્થીઓ તત્ત્વોના નામ તથા પરમાણુક્રમાંક ક્રમસર યાદ રાખતા શીખ્યા.
- વિદ્યાર્થીઓને યાદ રહેતુ થયુ એટલે વિજ્ઞાન વિષયમાં એમના રસ, રૂચિ તથઆ ઉત્સાહ વધ્યા.
- વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધવાથી વિજ્ઞાન વિષયના તાસમાં તેમની એકાગ્રતા પણ વધી.
- આ ઉપરાંત અન્ય વિષયોમાં પણ અઘરા લાગતા મુદ્દા કઇ રીતે ટ્રીકથી યાદ રાખવા એ પણ વિદ્યાર્થીઓ શીખ્યા.




- **ઈનોવેશનનું નામ : બાળકનું ભાવિ, પાયાનું શિક્ષણ**
- **શિક્ષકનું નામ : પંકજભાઈ એન. પટેલ**
  Mobile : 99799 97474
  Email : pankajpatel197817@gmail.com
- **શાળાનું નામ : શ્રી સરવાળ પ્રાથમિક શાળા, તા.ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગર.**


## હેતુઓ :

- કોવિડ-૧૯ મહામારીના સમયમાં બાળકો શિક્ષણથી વંચિત ન રહે.
- વર્ગના દરેક બાળકોને શિક્ષણનો લાભ મળે.
- બાળકોને શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થાય.
- જે બાળકો પાસે ઉપકરણો ઉપલબ્ધ હોય તેમને વર્ચ્યુઅલ ઓનલાઇન ક્લાસ દ્વારા શિક્ષણ મેળવે.
- જે બાળકો પાસે ઉપકરણો ઉપલબ્ધ નથી તેઓને ઘેર જઇ શૈક્ષણિક સામગ્રી દ્વારા શિક્ષણ મેળવે.

## કાર્ય પદ્ધતિ :

- કોવિડ-૧૯ મહામારી અંતર્ગત સમગ્ર ગુજરાત રાજ્યમાં ૧૬ માર્ચથી શાળાઓ બંધ છે. ખુલતા નવા સત્રથી પણ શાળાઓ ચાલુ થઇ નહીં. ધોરણ ૧ અને ૨ એટલે પાયાનું શિક્ષણ જો એ જ ન મળે તો બાળક આગળ કેવી રીતે વધે તો શું કરવું ? ધોરણ ૧ અને ૨ માં જ્યાં સુધી સરકારશ્રીની સુચના ન મળે ત્યાં સુધી સ્વ-અધ્યયનપોથી આપવાની ન હતી તો બાળક શેના આધારે અભ્યાસ કરે ? આ વિચાર મંથન કરતા દરેક બાળકને શૈક્ષણિક ગ્રુપમાં આવતા સાહિત્યની ઝેરોક્ષ કોપી દરેક બાળકના ઘેર અભ્યાસક્રમ પ્રમાણે આપવામાં આવી. સાથે સાથે દરેક બાળકને સાહિત્યનું વિતરણ કરતી વખતે વ્યક્તિગત માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું. અંદાજે ધોરણ ૧ અને ૨ ના બંને વિષયના ૨૦૦ થી વધારે ઝેરોક્ષના સેટ વિનામૂલ્યે આપવામાં આવ્યા.
- દિવાળી વેકેશન બાદ બીજા સત્રથી પાઠ્યપૂસ્તકો બાઇન્ડીંગ કરી વહેંચવામાં આવ્યા. પાઠ્યપૂસ્તકો આપી દીધા બાદ ઓનલાઇન વર્ચ્યુઅલ ક્લાસનો વિચાર આવ્યો. ત્યારબાદ આ વિચારને સાર્થક અને સફળ બનાવવા માટે તરત જ બાળકોના વાલીઓને આ બાબતે જાણ કરવામાં આવી. ખૂબ જ સરસ પ્રતિસાદ મળતા વાલીના મોબાઇલમાં માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ ડાઉનલોડ કરાવી અને એપનો ઉપયોગ વિષે સમ્પૂર્ણ સમજ આપી. તારીખ ૨૪/૧૧/૨૦૨૦ થી ઓનલાઇન ક્લાસ શરૂ કરવામાં આવેલ. દરેક બાળકના ઘરની મુલાકાત ૧૫-૨૦ વખત રૂબરૂ લેવામાં આવી અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

## મૂલ્યાંકન :

- બાળકોને આપવામાં આવેલ હોમલર્નિંગ સામગ્રીમાં ઘેર ઘેર જઇ બાળકોએ કરેલા હોમવર્કની તપાસ કરવામાં આવી અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

## પરિણામ :

- ધોરણ ૧ માં કુલ ૧૫ બાળકો છે. એમાં ૧૦ બાળકોના વાલીઓ પાસે સ્માર્ટ ફોન છે એમાંથી સરેરાશ ૭-૮ બાળકો ઓનલાઇન જોડાય છે જેમા એકમ ૧ થી ભણાવવાની શરૂઆત કરેલ. જેમાં એકમ ૪ સુધી (ગુજરાતીમાં) અને એકમ ૫ સુધી (ગણિતમાં) અભ્યાસક્રમ પૂર્ણ કરેલ છે.
- ધોરણ ૨ માં કુલ ૧૪ બાળકો છે. એમાં ૧૧ બાળકોના વાલીઓ પાસે સ્માર્ટ ફોન છે એમાંથી સરેરાશ ૯-૧૦ બાળકો ઓનલાઇન જોડાય છે. જેમા એકમ ૯ થી ૧૩ સુધી (ગુજરાતીમાં) અને એકમ ૧૫ થી ૨૦ સુધી (ગણિતમાં) અભ્યાસક્રમ પૂર્ણ કરેલ છે.
- બાળકોનાં એકમોના અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમના જ્ઞાનની ચકાસણી કરવા માટે એકમ અનુસાર એકમ કસોટી પેપર હાર્ડકોપી સ્વરૂપે લેવામાં આવતા ખૂબ જ સારૂ પરિણામ જોવા મળેલ.
- આમ બાળકોનું પાયાનું શિક્ષણ મળી રહે તેની ચિંતા કરીને તેનું નિરાકરણ લાવવાનો નાનકડો પ્રયત્ન ફરજના ભાગરૂપે હાથ ધરવામાં આવ્યો.

• ઈનોવેશનનું નામ : ચિત્રવાર્તા (પિક્ચર સ્ટોરી) દ્વારા વિદ્યાર્થીઓમાં મૂલ્ય શિક્ષણ અને તેમનાં વ્યવહારિક જ્ઞાનમાં વૃદ્ધિ કરવી.

• શિક્ષકનું નામ : હેતલબેન નરેન્દ્રભાઈ પટેલ

Mobile : 70167 33871, 94092 84827 (Whatsapp)

Email : hetalpatel2475@gmail.com

• શાળાનું નામ : શ્રી સીતાગઢ પ્રાથમિક શાળા, તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર.



## હેતુઓ :

- વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિનો વિકાસ થાય.
- વિદ્યાર્થીઓનાં આત્મવિશ્વાસમાં વધારો થાય.
- વિદ્યાર્થીઓમાં અભિવ્યક્તિ (વકૃતત્વ)નાં ગુણ વિકાસ થાય.
- વિદ્યાર્થીઓ મૂલ્ય શિક્ષણ મેળવે છે. જે વ્યવહારિક જીવનમાં ખૂબ ઉપયોગી નીવડશે.
- શબ્દભંડોળમાં વૃદ્ધિ થાય.

## સાધમ સામગ્રી :

- કાર્ડશીટ, સ્કેચપેન, સ્કેલ (માપપટ્ટી), ફાઇલ, જૂના વર્તમાનપત્રોનાં કટિંગ્સ, જાહેરાતના કટીંગ, માર્કર પેન

## કાર્ય પદ્ધતિ :

- વિદ્યાર્થીઓ કોવિડ-૧૯નાં લોકડાઉનનાં સમયગાળામાં ઓનલાઇન અને ઓફલાઇન શિક્ષણ મેળવી રહ્યા છે. વિદ્યાર્થીઓ ડી.ડી. ગિરનાર, વોટ્સએપ ગ્રુપમાં વીડિયો, દિક્ષા એપ, પાઠ્યપુસ્તકનાં ક્યુ.આર. કોડ સ્કેન કરીને માઇક્રોસોફ્ટ ટીમમાં વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા ઓનલાઇન ટીચર-સ્ટુડન્ટ મીટીંગ, તેમજ યુ-ટ્યુબ લીંક દ્વારા શિક્ષણ મેળવી રહ્યા છે. ધ્યાને આવ્યું છે કે એન્ડ્રોઇડ ફોન ધરાવતાં બાળકો મોબાઇલમાં ગેમ (રમત) રમવામાં, કાર્ટુન યુ-ટ્યુબ વીડિયો જોવામાં વધુ સમય બગાડી રહ્યા છે. આઉટડોર રમતો વિસરાઇ રહી છે. જે વિદ્યાર્થીઓ પાસે એન્ડ્રોઇડ ફોનની ઘરે સગવડ છે, પરંતુ ઘણાં વાલી ફોન જ આપતા નથી. અમુક વિદ્યાર્થીઓનાં ઘરે ટી.વી., ફોનની કોઇ જ સુવિધઆ નથી. ડોર ટુ ડોર હોમ લર્નીંગ પિક્ચર સ્ટોરી (ચિત્રવાર્તા) દ્વારા શિક્ષણ કરાવવાનો નવો નવતર પ્રયોગ કર્યો, જેથી તેમની ઘણી મુશ્કેલી દૂર થઇ. વિદ્યાર્થીઓનો શિક્ષણમાં રસ વધે અને જળવાઇ રહે. વિદ્યાર્થીઓમાં સહકારની ભાવના વિકસી મૂલ્યશિક્ષણમાં વૃદ્ધિ જોવા મળી.

## મૂલ્યાંકન :

- ચિત્ર (પિક્ચર) નિદર્શન કરીને વાર્તાકથન કરવાનું કહેવામાં આવ્યું.
- ચિત્ર જોઇને કવિતા બનાવી તેનું ગાન કરવાનું કહેવામાં આવ્યું.
- જોક્સ કહેવાનું કાર્ય કરાવવામાં આવ્યું.
- ચિત્ર જોઇને કહેવત બોલાવવામાં આવી.
- ચિત્ર જોઇને આબેહૂબ ચિત્ર દોરી, રંગપૂર્તિ કરવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી.
- સુંદર અક્ષરે ચિત્રવાર્તા અનુલેખનનું કાર્ય કરવા માટે કહેવામાં આવ્યું.

## પરિણામ :

- વાર્તાકથનનો ભય દૂર થયો.
- મિત્ર સાથે ચર્ચા કરવાનું શીખ્યા.
- સ્ટેજ ફિયર દૂર થતો જોવા મળ્યો.
- વ્યક્તિત્વ વિકાસની ખીલવણી જોવા મળી.
- દરેક વિદ્યાર્થી પ્રવૃત્તિ, પ્રોજેક્ટ કાર્ય કરવામાં રસ દાખવતા થયા.
- પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ વડે બોધવાર્તાઓ, નવી કહેવતો, નવા ચિત્રો દોરવા વગેરે રસ કેળવતા થયા.
- અભિવ્યક્તિનાં ગુણનો વિકાસ થયો.
- સમયનાં બાધ વિના સરસ માર્ગદર્શન મેળવી શકે છે.

| અ. નં. | ધોરણ | કુલ સંખ્યા | પહેલાંની સિદ્ધિ | પછીની સિદ્ધિ | પરિણામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૧૦ + ૯ = ૧૯ | ૪ | ૧૦ | ૫૨.૬૩% |
| ૨ | ૭ | ૪ + ૩ = ૦૭ | ૨ | ૪ | ૫૭.૧૪% |
| ૩ | ૮ | ૪ + ૭ = ૧૧ | ૩ | ૭ | ૬૩.૩% |




• ઇનોવેશનનું નામ : ગણિત શીખીએ યુ-ટ્યુબ સાથે

• શિક્ષકનું નામ : મોનિકાબેન રમેશકુમાર વર્મા

Mobile : 97239 93376

Email : mona761992@gmail.com

• શાળાનું નામ : શ્રી ભાડુકા પ્રા. શાળા, તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર.


## હેતુઓ :

- વિદ્યાર્થી આધુનિક ટેક્નોલોજી સાથે અધ્યયન કરતાં થાય.
- શિક્ષકની અવેજીમાં પોતાના સમયે પોતાની જાતે અધ્યયન કરતાં થાય.
- તથા વિદ્યાર્થી શાળામાં ન જઇ શક્યા હોય તો તે શિક્ષણ અધૂરુ ન રહી જાય.

## કાર્ય પદ્ધતિ :

- આજનો યુગ એટલે વિજ્ઞાન અને ટેક્નોલોજીનો યુગ. આ ટેક્નોલોજીનો સારા કાર્ય અભ્યાસ અર્થે થાય તે માટે યુ-ટ્યુબ પર ગણિત વિષયના વિડિયો બનાવી મુકવામાં આવે છે.
- આ વિડિયોની લિંક વિદ્યાર્થીને વોટ્સએપ દ્વારા મોકલવામાં આવે છે. તે ઉપરાંત મારા બ્લોગ vermarushabh.blogspot.com પર પણ મૂકેલ છે.
- જેને વિદ્યાર્થીઓ વિડિયો જોઇ અધ્યયન કરે છે.
- વિડિયો દરમ્યાન રહેલ અસંમજસને ફોન દ્વારા પૂછે છે.

## મૂલ્યાંકન :

- બાળકો અધ્યયન કરી તેમની પાકી નોટમાં લખે છે.
- તે ઉપરાંત જાતે બનાવેલ દાખલા ગૃહકાર્યમાં આપવામાં આવે છે. જેના ફોટા પાડી બાળકો વોટ્સએપ દ્વારા મોકલે છે.
- જે વિદ્યાર્થીઓ પાસે મોબાઇલ નથી તેઓ મિત્રના ઘરે જઇને અધ્યયન કરે છે.

## પરિણામ :

- યુ-ટ્યુબ દ્વારા અધ્યયન કરી વિદ્યાર્થી વર્ગમાં અભ્યાસ કરતાં હોય તેમ જ અભ્યાસ કરે છે.
- ગણિત વિષયનો પાયો કાચો રહી જશે એ સમસ્યાથી થોડો છૂટકારો મળે છે.
- અને બાળકો કોરોનાકાળ દરમિયાન ઘરે બેઠા અધ્યયન કાર્ય પોતાના સમયે કરે છે.

• ઈનોવેશનનું નામ : કોરોના કાળમાં ધોરણ-૧, ૨ પ્રજ્ઞાનું અધ્યતન શાળા શિક્ષણ

• શિક્ષકનું નામ : પરમાર ભીખાલાલ મોહનલાલ

Mobile : 99784 73960

Email : bmparmar756@gmail.com

• શાળાનું નામ : શ્રી ડાંગશિયા વસાહત પ્રાથમિક શાળા, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર.




## હેતુઓ :

- કોરોના સંક્રમણને કારણે શાળાઓ બંધ હોઈ પ્રજ્ઞાનું ઘરબેઠા શિક્ષણ.
- શિક્ષકના માર્ગદર્શનથી વાલીઓ, બાળકોને ઘરબેઠા ભણાવી શકે.
- ૧ થી ૧૦ સુધી અંકલેખન અને ગણતરી કરી શકે.
- પ્રજ્ઞા અઇભગમમાં સંખ્યા જ્ઞાન, સરવાળા, બાદબાકી, રસપૂર્વક શિખી શકે છે.
- ધોરણ ૧, ૨ના બાળકો વાંચન કરતા શિખે છે.

## કાર્ય પદ્ધતિ :

- જાન્યુઆરી ૨૦૨૦ વર્ષની શરૂઆતમાં વિશ્વ આખું કોરોના મહામારીમાં સપડાયું. કોરોના મહામારીમાં ભારત સરકારે માર્ચ ૨૦૨૦થી લોકડાઉન લાગુ પડેલ હોય આખા દેશની શાળાઓ બંધ કરવામાં આવી. જૂન ૨૦૨૦માં લોકડાઉન સમાપ્ત થયું પરંતુ કોરોનાનું સંક્રમણ ઓછું ન થતા શાળાઓ નવા સત્રથી શરૂ કરવામાં આવી નહીં. હું પરમાર ભીખાલાલ મોહનલાલ ડાંગશિયા વસાહત પ્રાથમિક શાળા, વઢવાણ ખાતે ફરજ બજાવું છું. મારી પાસે ત્રણ વર્ષથી ધોરણ-૧ થી ૨ પ્રજ્ઞાના વર્ગો છે.
- ધોરણ ૧ થી ૨ના બાળકોને પાસે બેસાડી અધ્યયન કરવું પડે છે ચંચળ પ્રકૃતિના કારણે બાળકો એક જગ્યાએ એક ધ્યાનથી બેસી શકતા નથી. જૂન ૨૦૨૦ થી મારા મનમાં એક સવાલ થયો તે ધોરણ ૧ અને ૨ ના બાળકોને ઘરે બેઠા છે અને કઇ રીતે કરવું.
- સરકાર તરફથી હોમલર્નીંગ મટેરીયલ્સ આપવાનું હતું પરંતુ મેં મારા મનથી પ્રજ્ઞા અભિગમ મુજબ લેખન વાંચન ગણન માટેની પુસ્તિકાઓ તૈયાર કરવા માટે આચાર્યશ્રીને જણાવ્યું. આચાર્યશ્રી જશુભાઇ બોરાણા સાહેબે ખર્ચની પરવા કર્યા વિના પુસ્તિકાઓ તૈયાર કરવા માટે પરવાનગી આપી. જૂન ૨૦૨૦ થી નવેમ્બર ૨૦૨૦ સુધી આવી ૧૦ લેમિનેશન ફોટા સાથે પુસ્તિકાઓ તૈયાર કરી. ગરીબ અને પછાત વર્ગના બાળકોને ઘર સુધી પહોંચાડી અધ્યયન શરૂ કરવા માટે વાલીઓને માર્ગદર્શન આપ્યું.

## મૂલ્યાંકન :

- દરેક માસના અંતે બાળકો પાસેથી પુસ્તિકાઓ પરત મેળવી તપાસી જરૂર જણાય ત્યાં વાલીઓને માર્ગદર્શન આપી હવે પછીની પુસ્તિકાઓ સરસ રીતે પૂર્ણ કરવા માટે જણાવ્યું. છેલ્લા છ માસથી મારી શાળામાં આવી રીતે ધોરણ ૧ અને ૨ ના પ્રજ્ઞા અધ્યયન કાર્ય કરવામાં આવે છે.

## પરિણામ :

- ધોરણ ૧, ૨ ના ૮૦% બાળકોએ વાલીઓ અને મોટાભાઇ-બહેનની મદદથી લેખન, વાંચન અને ગણન પુસ્તિકાઓ સરસ રીતે પૂર્ણ કરેલ છે.
- વિદ્યાર્થીઓ ગુજરાતી શબ્દ વાંચન કરતા થયા.
- ધો. ૧ ના બાળકો ૧ થી ૧૦ સુધીનું ગણન કરતા થયા.
- ધો. ૨ ના બાળકો સરવાળા-બાદબાકી શિખ્યા.
- વિદ્યાર્થી અને વાલીઓના સમયનો સદઉપયોગ થયો.

• ઇનોવેશનનું નામ : JUST 15 MINUTES

• શિક્ષકનું નામ : ચૌહાણ મુકુંદભાઈ રસિકલાલ

Mobile : 98989 82088

Email : mukundbapas@gmail.com

• શાળાનું નામ : શ્રી પગાર કેન્દ્ર શાળા, તા.પાટડી, જિ.સુરેન્દ્રનગર.



## હેતુઓ :

- વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષયમાં રસ અને રૂચિમાં વધારો કરવો.
- વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનનાં પ્રયોગો જાતે કરતા થાય.
- વિદ્યાર્થીઓ મેળવેલ જ્ઞાનને પોતાના જીવનમાં ઉપયોગ કરતા થાય.
- વિદ્યાર્થીઓ નકામી વસ્તુનો ઉપયોગ કરતા થાય.

## કાર્ય પદ્ધતિ :

- દરરોજ શાળા છૂટવાના ૧૫ મિનીટ પહેલા યુ-ટ્યુબ પરથી વિજ્ઞાનને લગતા વિવિધ મોડલ બનાવતા વિવિધ વિડિયો બતાવવામાં આવ્યા હતા. અને તે વિડિયોમાં બનતા વિવિધ મોડલની કાર્ય પદ્ધતિસમજવામાં આવી. જેથી તે મોડલ કેવી રીતે કામ કરે છે તે સમજી શકાય.

## મૂલ્યાંકન :


- વિદ્યાર્થીઓને વિવિધ મોડલ બનાવવાનું કહેવામાં આવ્યું તથા આ પદ્ધતિદ્વારા એક શાળા કક્ષાનો ઇનોવેશન ફેર કરવામાં આવ્યો. જેમાં ૪૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## પરિણામ :

- આ ઇનોવેશન ફેરમાં વધુને વધુ વિદ્યાર્થીઓએ ભાગ લેવા તત્પર બન્યા અને અન્ય સાયન્સ ફેર કરતા વધુ કૃતિઓ બની.









• ઈનોવેશનનું નામ : DIGITAL INDIA TECHNOSEVI STUDENTS

• શિક્ષકનું નામ : સ્વાતિ ભાવિકભાઈ જોષી

Mobile : 95375 50163

Email : sj862849@gmail.com

• શાળાનું નામ : શ્રી ધામા પ્રાથમિક શાળા, તા.પાટડી, જિ. સુરેન્દ્રનગર.



## હેતુઓ :

- હાલ ચાલી રહેલ મહામારીમાં બાળકો ટેક્નોલોજી સાથે જોડાઇ શિક્ષણની ક્રિયા નિરંતર ચાલુ રાખે.

## કાર્ય પદ્ધતિ :

- નવતરપ્રયોગની શરૂઆત એક બાળકથી કરી હતી, આજ અમારી શાળામાં ૩૫-૪૦
- બાળકો માઇક્રોસોફ્ટ ટીમના માધ્યમથી શિક્ષણ લઈ રહ્યા છે.
- રોજ ઓનલાઇન વર્ગ લઈ અભ્યાસના ગ્રુપમાં તેમના ફોટો, બાળકે કરેલા ગૃહ કાર્યસિક્ષક દ્વારા ચેક કરેલ ગૃહ કાર્ય વગેરે વિગત ગ્રૂપમાં મુકવા લાગતા અન્ય બાળકો પણ આ માધ્યમથી શિક્ષણ લેવા ઉત્સાહિત થયા.
- સાથે સાથે શાળાની જેમ જ ઓનલાઇન વર્ગમાં પાર્થક (શ્લોક), ગુલાબ દીપક, સહઅભ્યાસી પ્રવૃત્તિ જેવી કે ‘‘સિક્ષકદિન’’ની ઉજવણી, ‘‘સ્વચ્છ ભારત અંતર્ગત’’ ચિત્રસ્પર્ધાનું આયોજન વર્ચ્યુઅલ ક્લાસમમાં કરવામાં આવ્યું. જેમા ધોરણ-૭નો વિદ્યાર્થી તાલુકા કક્ષાએ વિજેતા જાહેર થયો.
- આ ઉપરાંત વિદ્યાર્થી દ્વારા બનાવવામાં આવેલ ગણપતિ વડે ઇકો ફ્રેંડલી ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી.
- વિજ્ઞાનમાં આવતા સરળ પ્રયોગો જેવા કે દ્રાવ્ય પદાર્થ, કાપડ અને રેશાની બનાવટ, હળદરપત્રની બનાવટ જેવા પ્રોજેક્ટ ઓનલાઇન વર્ગમાં બતાવા લાગ્યા.
- એકમ કસોટીનું પરિણામ ગ્રુપમાં મુકવાથી વાલીઓમાં બાળકોના અભ્યાસ અંગે જાગૃતતા વધી.
- ‘‘દર્પણ’’ દ્વારા વિદ્યાર્થીઓએ એકમ કસોટીમાં મેળવેલ સારા ગુણ અને ઓનલાઇન વર્ગમા નિયમિત હાજરી માટે અભિનંદન પાઠવવામાં આવ્યા, જે અન્ય વિદ્યાર્થીઓ માટે મોટીવેશનરૂપ બાબત બની.
- જે વાલી પણ સમજવા લાગ્યા કે શાળા બંધ છે શિક્ષણ કાર્ય નહીં.

## મૂલ્યાંકન :

- નવતર પ્રયોગની શરૂઆત બીજી શાળા પણ કરી શકે, જેનાથી શાળાની અભ્યાસ લગતી બાબતો તથા સહઅભ્યાસી બાબતોની નોંધ જાગૃત વાલીઓ સુધી પહોંચાડી શકાશે. ખાનગી શાળાની જેમ જ સરકારી શાળા કાર્ય કરી રહી છે તેની નોંધ લેવાશે.

## પરિણામ :

- આમ ધોરણ ૬-૮ ના બાળકોને ઓનલાઇન અભ્યાસમાં જોડાયેલા જોઇ ધોરણ ૧-૫ માં ભણતા બાળકોને પણ સરળતાથી જોડી શકાયા.

• ઈનોવેશનનું નામ : **સંવેદના દ્વારા શિક્ષણ**

• શિક્ષકનું નામ : **ડાંગર વિરમભાઈ નાનુભાઈ**

Mobile : 90994 41555

Email : vrmdangar@gmail.com

• શાળાનું નામ : **શ્રી ગઢેચી પ્રાથમિક શાળા, તા.ચોટીલા, જિ. સુરેન્દ્રનગર.**



## હેતુઓ :

- બાળકોમાં પશુઓ, પક્ષીઓ પ્રત્યે સંવેદના જાગે, એમને સમજે, પોતાની ફરજને સમજે, કરૂણા પ્રગટ કરે, જીવન જીવવાની જીજીવિષાને સમજે, સંવેદના દ્વારા શિક્ષણને સમજે, પ્રકૃતિનું જ્ઞાન મળે, સકારાત્મકતા વિકશે.

## કાર્ય પદ્ધતિ :

- પ્રકૃતિની વંદના આપણા પુરાણ ગ્રંથોમાં પણ આપેલી છે. શાળાજીવનમાં બાળકોને પર્યાવરણને ધ્યાનમાં રાખી, પશુ પક્ષીઓને ધ્યાનમાં રાખી જી શિક્ષણ આપવામાં આવે તો બાળકોમાં આમૂલ પરિવર્તન આવી શકે છે. આ બાબતને ધ્યાનમાં રાખી એક પ્રયોગ ત્રણ વર્ષથી શરૂ કરવામાં આવ્યો છે.
- શાળામાં રહેલા શાળાને જીવંત બનાવતા ૨૫૦ થી વધારે વૃક્ષો ઉપર પક્ષીઓના લાકડાના માળા, પાણીના કુંડા મૂકી બાળકોને એની જવાબદારી આપીને બાળકોમાં રહેલા પક્ષીઓ પ્રત્યેના પ્રેમને બહાર લાવવાનો પ્રયત્ન સતત કરવામાં આવી રહ્યો છે. અક્ષયપાત્રમાં આવેલું અનાજ આ પક્ષીઓ માટે દરે વર્ષે બર્ડ ફીડર વેચાતા મંગાવીને પછી એમાં અનાજમાં બાજરી, જવ, ચોખા, જાર જેવા અનાજ ભરીને દર ચાર દિવસે ખાલી થતાં ભરવામાં આવે છે.
- માટીના, ચિનાઈ માટીના કુંડા રાખવામાં આવે છે, જેમાં પાણી ભરી પક્ષીઓને માટે મૂકવામાં આવે છે. કોઇ ઘાયલ પક્ષી કે પશુઓ જેવા કે કૂતરા, બિલાડી જેવા પ્રાણીઓને ઘાયલ થાય તો શાળા દ્વારા સારવાર આપવામાં આવે છે.
- આમ છેલ્લા ત્રણ વર્ષથી સંવેદનાની પ્રવૃત્તિ કરીને બાળકોને પર્યાવરણ અંગેનું સિક્ષણ સતત આપવામાં આવે છે. આ પ્રયોગ હાલ કોરોના મહામારીમાં શિક્ષક દ્વારા શાળામાં અને બાળકો દ્વારા ઘેર કરવામાં આવે છે.

## મૂલ્યાંકન :

- બાળકોની વિવિધ ટીમ બનાવીને એ ટીમનું મૂલ્યાંકન સતત શિક્ષકના માર્ગદર્શન તળે બાળકો દ્વારા જ કરવામાં આવે છે. જેમાં વ્યક્તિગત મારી સહકાર રહે છે.
- કેટલા દિવસે અનાજ ફીડરમાં ભરવામાં આવ્યું, ક્યાં ક્યાં પક્ષીઓ આવે છે, ક્યા સમયમાં આવે છે, એ પક્ષીઓને શું ભાવે છે, એ પક્ષીઓ ક્યા સમયમાં માળા બાંધે છે, બચ્ચા મૂકે છે, એકબીજા સાથે કેવી રીતે રહે છે. બધી માહિતી રાખવામાં આવે છે.

## પરિણામ :

- બાળકોમાં પર્યાવરણ દ્વારા સંવેદના કેવી રીતે જગાવી શકાય એ બાબતમાં અમે સફળ થયા છીએ.
- બાળકોને પર્યાવરણ શિક્ષણમાં રસ લેતા, વિચાર કરતા, સમજતા, પોતાની જવાબદારી નિભાવતા કરવામાં એમને સફળતા મળી છે.
- પર્યાવરણ દ્વારા આદર્શ શિક્ષણ કઇ રીતે સંભવી શકે એ અમારા બાળકોમાં અમે જોઇ શકીએ છીએ.




• ઈનોવેશનનું નામ : **યુ-ટયુબ ચેનલ દ્વારા વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કલા-કૌશલ્યનો વિકાસ કરવો.**

• શિક્ષકનું નામ : **વાઘેલા મહેશકુમાર મીઠાલાલ**

Mobile : 97251 00076

Email : maheshmaheshvaghela61949@gmail.com

• શાળાનું નામ : **શ્રી ભોજપરા પ્રાથમિક શાળા, તા.લીંબડી, જિ. સુરેન્દ્રનગર.**


## હેતુઓ :

- વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન વિષયને લગતાં પ્રોજેક્ટ બનાવવાની આવડત વધે.
- વિદ્યાર્થીની આંતરિક શક્તિઓ જેમ કે ચિત્ર, સંગીત, ગાયન, કાવ્ય રચનાની આવડત અને કલાનો વિકાસ થાય.
- વિદ્યાર્થી ટિક્નોલોજીનો શિક્ષણમાં ઉપયોગ કરી શકે.
- વિદ્યાર્થીની કામગીરીની હંમેશા માટે સાચવણી થતાં બીજાં વિદ્યાર્થી અને શિક્ષક મિત્રોને પ્રેરણા મળે.

## સાધન – સામગ્રી :

- મોબાઇલ ફોન, ફોટોગ્રાફ, સંદર્ભ પુસ્તકો, સામાજિક વિજ્ઞાનનું પાઠ્ય પુસ્તક, વિવિધ એપ્લીકેશન, પ્રોજેક્ટ મુજબની સામગ્રી

## કાર્ય પદ્ધતિ :

- કોવીડ-૧૯ કોરોના વાયરસને ધ્યાનમાં રાખીને આ મહામારીને રોકવા સરકારશ્રીએ શૈક્ષણિક કાર્યને ટેક્નોલોજીના માધ્યમથી આપવાનું શરૂ કરાવ્યું. શાળા શિક્ષણ ઓનલાઇન શરૂ કરવામાં આવ્યું.
- શાળા શિક્ષણ ઓનલાઇન શરૂ કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ પાસે સર્ટ ફોન, ડેટા રીચાર્જ અને ટેલિવિઝન ઉપલબ્ધ નહોતા. તેમને પ્રત્યક્ષ વર્ગખંડમાં અભ્યાસ કરાવીએ તેવી અસર ઓનલાઇન શિક્ષણમાં જોવાં મળી નહીં તેથી અને ઘણાં વિદ્યાર્થી મોબાઇલમાં વિડીયો ગેમ્સ રમતાં જોવા મળ્યા.
- અને માઇક્રોસોફ્ટ ટીમ્સમાં જોઇન્ટ થનારની સંખ્યા નહિવત હતી. અને તેમની ચિત્ર, ગાયન, પ્રોજેક્ટ કાર્યમાં રસવૃત્તી ટકાવી રાખવા ખૂબ જ જરૂરી હતા.

## નવતર પ્રયોગની વિગત :

- શરૂઆતમાં ધોરણ ૬ થી ૮ની કુલ ૪૫ સંખ્યામાંથી માત્ર સાત કે આઠ વિદ્યાર્થી જ મિટિંગમાં ભાગ લઇ શખતા હતા. ના જોતા જોડાતા વિદ્યાર્થીઓ તેમની મુશ્કેલી એ હતી કે તેમના માતા-પિતા ધંધો કે રોજગારી અથવા તો ખેતી કરતા હોવાથી સાંજે જ કર્યા હતા. વર્ચ્યુઅલ કલાસનો ટાઇમ સાંજે ધોરણ ૬ - ૬:૩૦ થી ૭, ધોરણ સાતનું વર્ચ્યુઅલ કલાસ ૭ થી ૭:૩૦, અને ધોરણ ૮ - રાત્રે આઠથી સાડા આઠ નક્કી કર્યો જેથી મને વધુ વિદ્યાર્થીઓ મારા વર્ગમાં અભ્યાસ કરવા માટે જોડાતા થયા. આમ તેમને યુ-ટ્યુબ વિડીયો તરફ ધ્યાન આપતાં કર્યા. જેથી સામાજિક વિજ્ઞાન, હિંદી અને દિન વિશેષને લગતાં વિડિયો બનાવી મોકલી રહ્યાં છે. તેમને તે માટે તેને લગતાં ફોટા, ચાર્ટ, માહિતી, સંદર્ભ પુસ્તકો વગેરે પહોંચાડવામાં આવ્યું છે.

## મૂલ્યાંકન અને પરિણામ :

- શરૂઆતમાં ૭ થી ૮ વિદ્યાર્થી જોઇન્ટ થયા હતા તે હવે વધીને ધોરણ-૬ થી ૮ માં ૪૫ માંથી ૨૦ જેટલા બાળકો નિયમિત વર્ગમાં જોડાઇ શકે છે.
- ૧૧ વિદ્યાર્થીઓ વિડીયો તૈયાર કરી શકે છે.

## વિદ્યાર્થીઓના પ્રતિભાવો :

- ગોહિલ નયના, કાજલ, પુષ્પા જે વિદ્યાર્થીનીઓમાં રજૂઆતની શૈલીમાં અસરકારક પરિવર્તન આવેલ છે. વિવિધ પ્રકારના વીડિયો બનાવી શકે છે. તેમનાં વાલી પણ આ કાર્યથી ખૂબ પ્રભાવિત થયા છે.

**YouTube Channel : Mahesh M Vaghela**

# નવો વિચાર ટપકાવીએ...

# નવો વિચાર ટપકાવીએ...

# નવાચારની વિકાસાત્મક તસવીર

## શાળા બંધ છે,શિક્ષણ નહીંઃથાનગઢ બી.આર.સી.ભવન આયોજીત ઓનલાઈન ઈનોવેશનમાં શિક્ષકોએ પોતાનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું






સુરેન્દ્રનગરઃતારીખ ૧૪ ૧૨ ૨૦૨૦ ના રોજ જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર તથા સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા બીઆરસી થાનગઢ સંયુકત ઉપક્રમે આજરોજ ઓનલાઈન ઈનોવેશનનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેના ડાયટના પ્રાચાર્યશ્રી સીટી ટુંડિયા તથા લાઈજન ડીકે ગોસાઈ તથા બીઆરસી શ્રી પ્રવીણભાઈ મકવાણાના માર્ગદર્શન નીચે શિક્ષણમાં નવચાર (ઈનોવેશન ૨૦૨૦-૨૧)યોજાઈ ગયો.

આ ઓનલાઈન ઈનોવેશનમાં થાનગઢ તાલુકા ની સીઆરસી ની પ્રાથમિક શાળાઓમાંથી વિવિધ શિક્ષકોએ ભાગ લીધો હતો.પોતાનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું તેમાં રૂપાવટી પ્રાથમિક શાળા ધોરણ ૬ થી ૮ ના સામાજિક વિજ્ઞાનના વિષય શિક્ષક શંકરભાઈ કણજારીયા દ્વારા શાળાના બાળકોના અભ્યાસ માટે બનાવેલ ઓનલાઈન/ઓફલાઈન સામાજિક વિજ્ઞાન કિવઝ બનાવી રજૂ કરેલ.જે કવીઝ online લિન્કથી તથા ઓફલાઈન જનયુગ દૈનિક સમાચાર પત્ર સુરેન્દ્રનગરમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે તેનો બહોળો પ્રમાણમાં ઉપયોગ વિદ્યાર્થીઓએ લાભ લેવા જણાવેલ છે. શાળા બંધ છે.શિક્ષણ નહીં.









INVENTION CYCLE
IMAGINATION
Envision what doesn't exist
CREATIVITY
Apply imagination to address a challenge
INNOVATION
Apply creativity to develop unique ideas
ENTREPRENEURSHIP
Apply innovation to bring ideas to fruition